પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ    વર્ષ : ૨૮    અંક : ૧૮૪    કુલ પાના : ૪    તારીખ : ૨૯-૦૩-૨૦૨૫ શનિવાર    કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97    9712880678    panchmahalsamachar@gmail.com    panchmahalsamachar    panchmahalsamachar    www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# મ્યાનમારમાં જોરદાર ભૂકંપ, ૧૨ મિનિટમાં બે વાર ધરતી ધ્રુજી; લગભગ ૯૦૦ કિ.મી. બેંગકોક સુધી ભૂકંપના આંચકા

## દિલ્હી-એનસીઆર સહિત ભારતનાઘણા વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા

મ્યાનમાર

મ્યાનમારમાં એક પછી એક બે શક્તિશાળી ભૂકંપના આંચકા અનુભવાયા. શુક્રવારે આવેલા ભૂકંપના આંચકા એટલા જોરદાર હતા કે લોકો ગભરાઈ ગયા અને પોતાના ઘરો અને ઓફિસોમાંથી બહાર નીકળી ગયા. પહેલો ભૂકંપ સવારે ૧૧:૫૦ વાગ્યે આવ્યો હતો, તેની તીવ્રતા ૭.૨ માપવામાં આવી હતી. આ પછી, બીજો ભૂકંપ બપોરે ૧૨:૦૨ વાગ્યે આવ્યો, તેની તીવ્રતા ૭ માપવામાં આવી.સુત્રોના જણાવ્યા અનુસાર કેટલાક લોકો ગુમ થયા છે જયારે અનેક લોકોને ઈજા પહોંચી છે.

ભૂકંપના આંચકા થાઈલેન્ડ સુધી અનુભવાયા હતા. તેની સૌથી વધુ અસર બેંગકોકમાં જોવા મળી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર,



ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૨ અને ૭.૦ હતી. બંને ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૧૦ કિલોમીટર નીચે હતું. કેટલાક અહેવાલો દાવો કરી રહ્યા છે કે મ્યાનમારમાં સમયાંતરે ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યા છે.

અહેવાલ છે કે શુક્રવારે મ્યાનમારમાં ૭.૭ અને ૬.૪ ની તીવ્રતાના સતત બે ભૂકંપ આવ્યા. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે મ્યાનમારના મંડલેમાં ઈરાવદી નદી પર બનેલો પ્રખ્યાત અવા પુલ ધરાશાયી થઈ ગયો છે. ભૂકંપમાં ઘણી ઈમારતોને પણ નુકસાન થયું છે. ભૂકંપ એટલો જોરદાર હતો કે તેના આંચકા લગભગ ૯૦૦ કિલોમીટર દૂર બેંગકોકમાં પણ અનુભવાયા હતા.

બેંગકોક પોલીસનું કહેવું છે કે બપોરે થાઈ રાજધાનીમાં આવેલા ૭.૭ ની તીવ્રતાના ભૂકંપમાં નિર્માણાધીન એક બહુમાળી ઈમારત ધરાશાયી થઈ ગઈ. સંભવિત જાનહાનિનો આંકડો હજુ સુધી જાણી શકાયો નથી. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના બેંગકોકના લોકપ્રિય ચતુચક માર્કેટ પાસે બની હતી. ધસી પડવાના સમયે સ્થળ પર કેટલા કામદારો હતા તે અંગે તાત્કાલિક કોઈ માહિતી મળી નથી.

બેંગકોકમાં ૭.૭ ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપ બાદ કોલકાતા અને ઈમ્ફાલમાં હળવા ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્રબિંદુ મધ્ય મ્યાનમારમાં હતું, જે મોનીવા શહેરથી લગભગ ૫૦ કિલોમીટર પૂર્વમાં હતું. જોકે,

ભૂકંપના જોરદાર આંચકાને કારણે બેંગકોક અને મ્યાનમાર શહેરોમાં મોટી ઈમારતો હોડીઓની જેમ ધ્રુજવા લાગી. તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વાયરલ વીડિયોમાં, લોકો ચીસો પાડતા અને બૂમો પાડતા રસ્તાઓ પર દોડી રહ્યા છે.

ભૂકંપને કારણે બેંગકોકમાં એક ગગનચુંબી ઈમારત ધરાશાયી થયાના સમાચાર છે. રિપોર્ટ અનુસાર, જે ઈમારતનું નિર્માણ ચાલી રહ્યું હતું તે ભૂકંપના આંચકાનો સામનો કરી શકી નહીં. તેવી જ રીતે, ભૂકંપ પછી ઘણા બધા વીડિયો વાયરલ થઈ રહ્યા છે, જેમાં ભૂકંપ પછીનો ગભરાટ જોઈ શકાય છે. ભૂકંપને કારણે થાઈલેન્ડ અને મ્યાનમારમાં પૂલમાંથી પાણી વહેવા લાગ્યું. એવું કહેવામાં આવ્યું છે કે ઘણી ઈમારતો નાશ પામી છે. સ્થાનિક મીડિયા અનુસાર, ભૂકંપના કારણે ઈમારતોમાં ભયનો માહોલ સર્જાયો હતો અને ગભરાયેલા રહેવાસીઓ ગીચ વસ્તીવાળા મધ્ય બેંગકોકમાં બહુમાળી કોન્ડોમિનિયમ અને હોટલની સીડીઓ નીચે દોડી ગયા હતા. લોકોને જાનહાનિ ટાળવા માટે રસ્તા પર રહેવાનું કહેવામાં આવ્યું હતું.

આ ભૂકંપને કારણે બેંગકોકમાં એક નિર્માણાધીન ઈમારત પણ ધરાશાયી થઈ ગઈ. તમને જણાવી દઈએ કે ગ્રેટર બેંગકોક વિસ્તારમાં ૧.૭ કરોડથી વધુ લોકો રહે છે, જેમાંથી ઘણા લોકો બહુમાળી ઈમારતોમાં રહે છે. બપોરે લગભગ ૧:૩૦ વાગ્યે ભૂકંપ આવ્યો, જેના કારણે ઈમારતોમાં ભયનો માહોલ સર્જાયો અને ગભરાયેલા રહેવાસીઓ ગીચ વસ્તીવાળા મધ્ય બેંગકોકમાં ઊંચી ઈમારતો અને હોટલોમાંથી સીડીઓ દ્વારા બહાર દોડી આવ્યા. ભૂકંપ પછી બહાર નીકળેલા લોકોને પણ તડકાનો સામનો કરવો પડ્યો અને તેઓ છાંયો શોધવા માટે અહીં-ત્યાં દોડતા જોવા મળ્યા.

દરમિયાન દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ, ગુરુગ્રામ અને આસપાસના વિસ્તારોમાં ૧૫-૨૦ સેકન્ડ માટે ભૂકંપના આંચકા અનુભવાયા. ભૂકંપ આવતાની સાથે જ લોકો ભયભીત થઈને પોતાના ઘરો, ઓફિસો અને ઊંચી ઈમારતોમાંથી બહાર નીકળી ગયા. કેટલીક જગ્યાએ પંખા ઝૂલતા જોવા મળ્યા અને બારીઓ ધ્રુજતી જોવા મળી. જોકે, અત્યાર સુધી કોઈ જાનમાલના નુકસાનના અહેવાલ નથી.

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપનું કેન્દ્ર મ્યાનમારની રાજધાની નાયપીડો નજીક સ્થિત હતું. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૨ હતી, જે તેને એક મજબૂત અને ખતરનાક ભૂકંપ બનાવ્યો. આ ભૂકંપથી મ્યાનમારના ઘણા વિસ્તારોમાં અશાંતિ ફેલાઈ ગઈ હતી અને તેની અસર ભારત સુધી અનુભવાઈ હતી. દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ, ગુરુગ્રામ અને અન્ય વિસ્તારોમાં લગભગ ૧૫-૨૦ સેકન્ડ સુધી ભૂકંપના આંચકા અનુભવાયા. ભૂકંપ આવતાની સાથે જ લોકો પોતાના ઘરો, ઓફિસો અને ઊંચી ઈમારતોમાંથી બહાર દોડી આવ્યા હતા. કેટલીક જગ્યાએ, લોકોએ પંખા લહેરાતા અને બારીઓ હલાવતા પણ જોયા. લોકોએ સોશિયલ મીડિયા પર પોતાના ભૂકંપના અનુભવો શેર કર્યા અને વીડિયો પણ પોસ્ટ કર્યા.

# દ્વારકાધીશ ભગવાન વિશે કોઈ પણ પ્રકારની ખોટી વાતો ફેલાવવી એ યોગ્ય નથી, માયાભાઈ આહીર

અમદાવાદ

લોકસાહિત્યકાર માયાભાઈ આહિરે સ્વામિનારાયણ સંપ્રદાયના વિવાદ પર પોતાની નારાજગી વ્યક્ત કરતાં કહ્યું કે, આ માત્ર બોલવાની ભૂલ નથી, પરંતુ છપાયેલા પુસ્તકોમાં નોંધાયેલી બાબતો છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, દ્વારકાધીશથી મોટા થવાનો પ્રયાસ જાણીજોઈને કરવામાં આવી રહ્યો છે. તેમણે દ્વારકાધીશની ૫૨ ગજની ધ્વજાનું ઉદાહરણ આપતા કહ્યું કે, આવી ધ્વજા અન્ય કોઈ દેવ પર ફરકતી નથી. કૃષ્ણ ભગવાનને જગતના ગુરુ ગણાવતા તેમણે સનાતન ધર્મને તોડવાની કોશિશ ન કરવાની વિનંતી કરી.

તેમણે સૌને સાથે રહીને સનાતન ધર્મની પૂજા કરવાનું કહ્યું. વડીલોને સંબોધીને તેમણે કહ્યું કે, ભારતવર્ષમાં દ્વારકાધીશ, રામ અને મહાદેવથી મોટું કોઈ નથી. તેમણે સલાહ આપી કે, તેમનાથી નીચે રહીને પોતાનું કાર્ય કરવામાં કોઈ વાંધો નથી. તેમણે આક્ષેપ કર્યો કે, કોઈ જાણીજોઈને સનાતન ધર્મને વિભાજિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે અને આ કોઈ ભૂલ નથી, પરંતુ જાણીજોઈને કરવામાં આવી રહેલું કૃત્ય છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના વિવાદને લઈ લોક સાહિત્યકાર માયાભાઈ આહિરે મોટી વાત કરી કે, હું વનંતી કરું છું આ બફાટ નથી. આ તો છાપેલી વાતો કરે છે. પુસ્તકોમાં છાપી નાખ્યું છે તો જાણી જોઈને દ્વારકાધીશ કરતા મોટું થવાનો પ્રયાસ ન કરાય. હજુ સુધી દ્વારકાધીશની જે ૫૨ ગજની ધજા ફડાકા મારે છે ને એવી ધજા બીજા દેવ પર નથી લાગી. કૃષ્ણ ભગવાન છે, જગતગુરુ છે. પગે લાગીને કહીએ છીએ સનાતન તોડો નહીં. સનાતનની પૂજા કરો સાથે રહો, પણ તમે અવારનવાર તમે આવી ટિપ્પણી કરતા આવો છો. એમના પણ વડીલોને વિનંતી ભારતવર્ષના દ્વારકાધીશથી કોઈ મોટું હોઈ ના શકે. રામથી મોટું હોઈ ના શકે અને મહાદેવથી મોટું કોઈ ના હોઈ શકે. એની નીચે રહીને તમારી ગાડી હાક્યા કરો તો શું વાંધો છે. કોઈ ને કોઈ આવું કંઈ ને કઈ કરીને સનાતનને ડહોળવાનું કામ કરી રહ્યાં છે. જાણી જોઈ ને કરો છો આ કોઈ ભૂલ નથી.

માયાભાઈ આહીરે જણાવ્યું કે, મારી ગૂગળી બ્રહ્મ સમાજના અધ્યક્ષસ સમસ્ત બ્રહ્મ સમાજ, આહીર સેનાના પ્રમુખ સાથે વાત થઈ છે. આજે સમગ્ર સનાતન ધર્મ ઉભો થયો છે. જાણી જોઈએ કરવામાં આવે તેને ભૂલ કે બફાટ ના કહેવાય. તેઓ (સ્વામીનારાયણના સાધુ) છાપેલી વાતો કહી રહ્યા છે. આમ જાણી જોઈને દ્વારકાધીશ કરતાં મોટું થવાની કોશિશ ના કરાય.

એક સ્વામીએ એવો પણ વીડિયો મૂક્યો હતો જેમાં 'યદા-યદા હી ધર્મસ્ય' કોના માટે લખાયું. તેના ખુલાસા કરવામાં આવ્યા હતા. આમ કરીને તમે સનાતનને તોડશો નહીં, પરંતુ તેની સાથે રહો અને તેની પૂજા કરો. દ્વારકાધીશથી મોટું કોઈ ના હોઈ શકે.

# કોંગ્રેસ નેતાએ ઔરંગઝેબ અને ટીપુ સુલતાનની તસવીર શેર કરી, કેસ નોંધાયો



બેંગ્લુરૂ

કર્ણાટકના બેલગામમાં એક સ્થાનિક કોંગ્રેસ નેતા વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. વાસ્તવમાં, ઔરંગઝેબ અને ટીપુ સુલતાનના ચિત્રોનો ઉપયોગ કરીને સોશિયલ મીડિયા પર ભડકાઉ પોસ્ટ શેર કરવા બદલ કોંગ્રેસ નેતા મુજમ્મીલ અત્તાર વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે આરોપી કોંગ્રેસ નેતા બેલગામના આઝાદ નગરનો રહેવાસી છે. તાજેતરમાં, મુજમ્મીલ અત્તારે ઈન્સ્ટાગ્રામ પર એક ભડકાઉ પોસ્ટ શેર કરી હતી. આમાં કોંગ્રેસ નેતાએ ઔરંગઝેબ અને ટીપુ સુલતાનની તસવીરો શેર કરી અને લખ્યું, 'તે તમારા પિતા છે, ભૂલશો નહીં.'

આ પોસ્ટમાં હિન્દી ફિલ્મ અગ્નિપથની એક આક્રમક ક્લિપ પણ શામેલ હતી જેમાં "જ્વાલા સી જલતી હૈ" વાક્ય હતું. આ મામલે કેસ નોંધાયા પછી તરત જ આરોપીએ સોશિયલ મીડિયા પરથી આ પોસ્ટ હટાવી દીધી. તમને જણાવી દઈએ કે આ મામલે બેલગામ માર્કેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. ખરેખર મૂળ પોસ્ટ કોઈ બીજા દ્વારા ઈન્સ્ટાગ્રામ પર શેર કરવામાં આવી છે. જોકે, ઈન્સ્ટાગ્રામ પર એક રીશેર ફીચર છે, જેનો ઉપયોગ કરીને કોંગ્રેસ નેતાએ પોતાના સ્ટેટસમાં ઔરંગઝેબ અને ટીપુ સુલતાનની તસવીર શેર કરી છે. જોકે કેપ્શન કોંગ્રેસના નેતા દ્વારા લખાયેલું છે.

હકીકતમાં, જ્યારથી 'છાવા' ફિલ્મ સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે, ત્યારથી ઔરંગઝેબના નામનો વિવાદ વધુ વધ્યો છે. જોકે, એવું નથી કે અગાઉ ઔરંગઝેબના નામ પર કોઈ વિવાદ નહોતો. પરંતુ ફિલ્મ 'છાવા'માં ઔરંગઝેબની ક્રૂરતા જોયા પછી, દેશભરના લોકોમાં ઔરંગઝેબ વિશે ચર્ચાઓ તેજ થઈ ગઈ છે. આવી સ્થિતિમાં, તાજેતરમાં નાગપુરમાં ઔરંગઝેબની કબર હટાવવાના મામલે પણ હિંસા જોવા મળી હતી. આ કેસમાં પોલીસે ઘણા લોકોની ધરપકડ કરી છે અને તપાસ હજુ પણ ચાલુ છે. એ જ રીતે, દેશભરમાં ઔરંગઝેબના નામે સોશિયલ મીડિયા પર ઘણી બધી વાતો શેર કરવામાં આવી રહી છે.

# ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાં મમતા બેનર્જીના ભાષણ દરમિયાન ભારે હંગામો, ગો બેકના નારા લાગ્યા

કોલકતા

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી લંડનમાં ઓક્સફોર્ડ યુનિવર્સિટીના કેલોગ કોલેજમાં અપાઈ રહેલા ભાષણ વખતે હંગામો જોવા મળ્યો. મમતા બેનર્જી ભાષણ આપતા હતા અને અચાનક પ્રદર્શનકારી વિદ્યાર્થીઓના એક જૂથે હંગામો મચાવવા માંડ્યો. વિદ્યાર્થીઓએ બંગાળમાં ચૂંટણી બાદ થયેલી હિંસા અને આરજી કર કોલેજ અને હોસ્પિટલના નાણાકીય કૌભાંડનો મુદ્દો ઉઠાવ્યો. વિદ્યાર્થીઓએ તેમને આકરા સવાલો પૂછ્યા અને ગો બેક મમતાના નારા પણ લગાવ્યા. મમતા બેનર્જીએ આ વિરોધના જવાબમાં ૧૯૯૦ના દાયકાની પોતાની એક તસવીર દેખાડી જેમાં તેમના માથા પર પટ્ટી બાંધી હતી. તેમણે દાવો કર્યો કે વિપક્ષમાં હતા ત્યારે તેમની હત્યાની પણ કોશિશ થઈ હતી.

અસલમાં મમતા બેનર્જીના ભાષણ દરમિયાન વિવાદ ત્યારે થયો જ્યારે એક દર્શકે તેમને પશ્ચિમ બંગાળમાં થયેલા લાખો કરોડના રોકાણ પ્રસ્તાવો પર સવાલ પૂછ્યો. મમતા તેમનો જવાબ આપતા હતા ત્યાં અન્ય એક દર્શકે અધવચ્ચે કઈક પૂછી લીધુ. ત્યારબાદ કેટલાક લોકોએ તેમને કોલકાતાના આરજી કર મેડિકલ કોલેજમાં થયેલા રેપ અને મર્ડર મામલે સવાલ પૂછ્યા. જેના પર મમતાએ કહ્યું કે આ મામલો કોર્ટમાં વિચારણા હેઠળ છે અને કેન્દ્ર સરકાર પાસે છે. તેને રાજકીય મંચ ન બનાવો.

મમતાએ વિરોધ કરી રહેલા લોકો પર આકરા પ્રહાર કરતા કહ્યું કે તમે બંગાળ જાઓ અને તમારી રાજકીય પાર્ટીને મજબૂત કરો અને પછી મને સવાલ કરો. પહેલા મારી તસવીર જુઓ કે મને કેવી રીતે મારવાની કોશિશ કરાઈ હતી. આ દરમિયાન કેટલાક લોકોએ બંગાળમાં હિન્દુઓ સાથે થઈ રહેલા વ્યવહાર પર સવાલ ઉઠાવ્યો અને તેના પર મમતાએ જવાબ આપ્યો કે હું તમામ ધર્મો માટે છું, હિન્દુ અને મુસલમાન મારા માટે સમાન છે. જો કે આ જવાબ બાદ કેટલાક વિદ્યાર્થીઓએ મમતા બેનર્જી પાછા જાઓના નારા લગાવવાના શરૂ કરી દીધા હતા.

રિપોર્ટ્સ મુજબ વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ વામપંથી વિદ્યાર્થી સંગઠન સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા એસએફઆઈ યુકેના સભ્યોએ કર્યું. તેમણે મમતા બેનર્જી અને તેમની સરકાર પર ભ્રષ્ટાચાર અને લોકશાહી અધિકારોને દબાવવાનો આરોપ લગાવ્યો. જેના પર મમતાએ પલટવાર કરતા કહ્યું કે તમે લોકો દરેક જગ્યાએ આવું કરો છો. તમે મારા વામપંથી મિત્ર અને સાંપ્રદાયિક મિત્ર છો જે રાજનીતિ કરવા માટે કોઈ પણ મંચનો ઉપયોગ કરે છે. સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાએ પોતાના ફેસબુક પર આ પ્રદર્શનની તસવીરો પણ શેર કરી છે.

આ ઉપરાંત પોતાના ભાષણમાં મમતા બેનર્જીએ એક્તા અને સમાવેશી વિકાસ પર ભાર મૂકતા કહ્યું કે જ્યારે હું ખુરશી પર હોઉ છું તો હું સમાજને વહેંચી શકું નહીં. આપણે તમામ ધર્મો, જાતિઓ અને વર્ગો માટે મળીને કામ કરવું જોઈએ. એક્તા આપણી તાકાત છે અને વિભાજન પતન તરફ લઈ જાય છે. તેમણે સ્વામી વિવેકાનંદનો ઉલ્લેખ કરતા કહ્યું કે લોકોને વિભાજીત કરવામાં એક પળ લાગે છે પરંતુ એક્તા જાળવી રાખવું કપરું કાર્ય છે.

# નવરાત્રી દરમિયાન હિન્દુ કર્મચારીઓને મોડા ઓફિસ આવવાની મંજૂરી આપવી જોઈએ, હિન્દુ સંગઠનની માંગ



ભોપાલ

મધ્યપ્રદેશમાં રમઝાન પછી, હવે નવરાત્રી દરમિયાન કર્મચારીઓને મોડી રાત્રે ઓફિસ જવાની મંજૂરી આપવાની માંગ ઉઠી છે. હિન્દુ સંગઠને માંગ કરી છે કે નવરાત્રિ દરમિયાન હિન્દુ સરકારી કર્મચારીઓને મોડા ઓફિસ આવવાની અને વહેલા ઘરે જવાની છૂટ આપવી જોઈએ. હિન્દુ સંગઠને ઈન્ડિયા ટીવીને જણાવ્યું હતું કે - "અમારી માંગ છે કે સરકારી કર્મચારીઓને સવારે ૧૨:૦૦ વાગ્યે ઓફિસ જવાની સુવિધા આપવામાં આવે અને તેમણે ૧૨:૦૦ વાગ્યે ઓફિસમાં હાજરી આપવી જોઈએ અને તેમને સાંજે ૪:૦૦ વાગ્યે રજા આપવી જોઈએ."

જેમ મુસ્લિમો અને એક જ ધર્મના અનુયાયીઓને રમઝાનના આખા મહિના દરમિયાન નમાજ પઢવાની છૂટ આપવામાં આવે છે, તેવી જ રીતે સંસ્કૃતિ બચાવો મંચ મધ્યપ્રદેશમાં હિન્દુ કર્મચારીઓ માટે પણ આવી જ છૂટની માંગ કરી રહ્યું છે. સંગઠને કહ્યું છે કે- "તેલંગાણામાં એક આદેશ લાગુ કરવામાં આવ્યો હતો કે રમઝાન મહિનામાં મુસ્લિમોને નમાજ પઢવાની છૂટ આપવામાં આવે. તમારી પાસે પાંચ સમયની નમાજ છે. અમારા વિસ્તારમાં, ધાર્મિક વિધિઓ સવારે ૫:૦૦ વાગ્યે શરૂ થાય છે, તેથી જો દિવસભર ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે, તો કોઈ સપ્તચંડી, સપ્તશતી હવન કરે છે, કોઈ દૈનિક હવન કરે છે, કોઈ પોતાના શરીર પર જુવાર પહેરે છે. તેથી તેઓ ધાર્મિક વિધિઓ પણ કરે છે. જો તમારે કામ કરવું હોય, તો બધા માટે સમાન અધિકાર રાખો. સંસ્કૃતિ બચાવો મંચે કહ્યું કે અમારી માંગ છે કે સરકારી કર્મચારીઓને સવારે ૧૨:૦૦ વાગ્યે ઓફિસ જવાનો સમય આપવામાં આવે, ત્યારબાદ તેઓએ ૧૨:૦૦ વાગ્યે ઓફિસમાં હાજરી આપવી જોઈએ અને તેમને સાંજે ૪:૦૦ વાગ્યે રજા આપવામાં આવે, જેથી તેઓ માતાની પૂજા કરી શકે અને માતાની ધાર્મિક વિધિઓ યોગ્ય રીતે કરી શકે અને દેશ અને વિશ્વની સુખ અને સમૃદ્ધિ માટે માતા ભગવતીને પ્રાર્થના પણ કરી શકે."

સંસ્કૃતિ બચાવો મંચે કહ્યું- "એક વાત કહો, અમે માંગ કરી રહ્યા છીએ કે તમે સમાનતાની વાત કરો, તો સમાનતાનો અર્થ એ છે કે હિન્દુ, મુસ્લિમ, શીખ, ખ્રિસ્તી આ ભારત માતાના ચાર સૈનિકો છે. તો ચારેય સૈનિકો સાથે સમાનતા હોવી જોઈએ. તમે એક સૈનિક સાથે આવું કેમ કરી રહ્યા છો? શું તે ખાસ ક્વોટામાંથી આવ્યો છે? જો તે વીઆઈપી ક્વોટામાંથી આવ્યો છે તો તે અલગ વાત છે. અહીં ફક્ત એક બંધારણ, એક નેતા અને એક પ્રતીક જ કામ કરશે. જો અમને મુખ્યમંત્રી તરફથી સમય નહીં મળે, તો અમે સ્પીડ પોસ્ટ પત્ર લખીને આ માંગ કરીશું."

# અમરેલી બાદ બનાસકાંઠામાં પણ વિદ્યાર્થીઓના હાથ પર જોવા મળ્યા કાપા

પાલનપુર

અમરેલીના મુંજીયાસર બાદ બનાસકાંઠાના ડીસામાં પણ ચિંતાજનક ઘટના સામે આવી છે.રાજપુર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના હાથ પર પણ કાપા જોવા મળ્યા છે. સમગ્ર મામલે એક પરિવાર દ્વારા જિલ્લા શિક્ષણ વિભાગને જાણ કરાઈ છે. જિલ્લા શિક્ષણાધિકારીની સૂચનાથી સમગ્ર મામલે તપાસનો ધમધમાટ શરુ કરવામાં આવ્યો છે.શિક્ષણ વિભાગ અને બાળ સુરક્ષા વિભાગ દ્વારા બાળકોનું કાઉન્સિલિંગ કરાયું છે. વિદ્યાર્થીઓએ રમત-રમતમાં શરત પર હાથ પર કાપા માર્યા હોવાનું ડીપીઓ દ્વારા જણાવવામાં આવ્યું છે. મોબાઈલ, ઓનલાઈન ગેમ, હિંસક પ્રવૃત્તિથી દૂર રહેવા બાળકોને સમજાવાયા હોવાનું પણ ડીપીઓ દ્વારા જણાવવામાં આવ્યું છે. ઓનલાઈન ગેમિંગના ચક્કરમાં તો નથી બનીને ઘટના ઓનલાઈન ગેમિંગની આશંકાએ ડીસા રુલર પોલીસ પણ તપાસમાં જોડાઈ છે.આ અગાઉ અમરેલી જિલ્લામાં ૪૦ વિદ્યાર્થીએ હાથ પર કાપા માર્યા હોવાનું સામે આવ્યું હતું. બગસરાના મૂંજીયાસર ગામનો વિચિત્ર બનાવ બનાવ સામે આવ્યો હતો. વાલીઓએ પૂછતા વિદ્યાર્થીઓએ વાત છુપાવી હતી. મૂંજીયાસરના સરપંચે શાળાના આચાર્યને સમગ્ર ઘટનાની જાણ કરતા આખો મામલો સામે આવ્યો હતો. સરપંચે ઉચ્ચ અધિકારીઓને પણ જાણ કરી હતી.ઉલ્લેખનીય છે કે અમરેલી જિલ્લામાં ૪૦ વિદ્યાર્થીઓએ હાથ કાપા માર્યાની ઘટના સામે આવતા ચકચારી મચી હતી. આ સમગ્ર ઘટના મૂંજીયાસર ગામમાં બની હતી. બાળકોએ કેમ એક સાથે હાથ પર આ પ્રકારના કાપા માર્યા હતા. તે એક કોયડો બની ગયો છે. આ ઘટના બનતા અનેક સવાલો ઉભા થઈ રહ્યાં છે. એક સાથે ૪૦ વિદ્યાર્થીઓએ હાથ પર કાપા મારતા તેની જાણ સરપંચે ઉચ્ચ અધિકારીઓને પણ જાણ કરી હતી . હવે આ સમગ્ર ઘટનામાં ઉચ્ચ અધિકારીઓ તપાસ હાથ ધરવામાં આવશે.

# કેન્દ્રીય કર્મચારીઓને સરકારે આપી ભેટ, મોંઘવારી ભથ્થામાં વધારો થયો

નવીદિલ્હી

કેન્દ્રીય કર્મચારીઓ માટે ખુશીના સમાચાર આવ્યા છે. કેન્દ્રીય મંત્રીમંડળે શુક્રવારે કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૨ ટકા વધારાને મંજૂરી આપી છે. કેન્દ્ર સરકારની આ જાહેરાત બાદ કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું ૫૩ ટકાથી વધી ૫૫ ટકા થઈ ગયું છે. મહત્વનું છે કે આ વધારો સાતમાં પગાર પંચ પ્રમાણે થયો છે. સરકારે આઠમાં પગાર પંચની પણ જાહેરાત કરી દીધી છે. નવા પગાર પંચની ભલામણો ૨૦૨૬ના જાન્યુઆરી મહિનાથી લાગૂ થઈ શકે છે.સાતમાં પગારપંચની ભલામણો પ્રમાણે વર્ષમાં બે વખત કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વધારો થાય છે. આ વધારો છ મહિનાના આધારે થાય છે. છેલ્લે જુલાઈ ૨૦૨૪માં કર્માારીઓનું મોંઘવારી ભથ્થું ૫૦ ટકાથી વધારી ૫૩ ટકા કરવામાં આવ્યું હતું. હવે કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં બે ટકાનો વધારો થયો છે.

સરકારે મોંઘવારી ભથ્થાની જાહેરાત માર્ચ મહિનામાં કરી છે. પરંતુ કેન્દ્રીય કર્મચારીઓને જાન્યુઆરી અને ફેબ્રુઆરીનું ભથ્થું એરિયર તરીકે મળશે. આવો કેલકુલેશન પ્રમાણે જોઈએ આ વધારા બાદ કર્મચારીઓના પગારમાં કેટલો વધારો થશે. જો કેન્દ્રીય કર્મચારીનો મૂળ પગાર ૧૯,૦૦૦ રૂપિયા હતો, તો તેને મોંઘવારી ભથ્થા તરીકે ૧૦,૦૭૦ રૂપિયા મળશે. હવે ૨ ટકાના વધારા બાદ આ ભથ્થું ૧૦,૪૫૦ રૂપિયા થઈ ગયું છે. આ સંદર્ભમાં, કેન્દ્રીય કર્મચારીઓના ભથ્થામાં દર મહિને ૩૮૦ રૂપિયાનો વધારો થયો છે. આ સાથે કેન્દ્રીય કર્મચારીઓને જાન્યુઆરી અને ફેબ્રુઆરી માટે ૨ મહિનાનું એરિયર્સ એટલે કે ૭૬૦ રૂપિયા મળશે.

# જો મસ્જિદ ભરેલી હશે તો રસ્તા પર પણ નમાઝ અદા કરવામાં આવશે, એઆઈએમઆઈએમ

નવીદિલ્હી

દિલ્હી એઆઈએમઆઈએમ ના પ્રમુખ શોએબ જમાઈએ કહ્યું છે કે જો શુક્રવારે મસ્જિદ ભરાઈ જશે તો રસ્તા પર પણ નમાઝ અદા કરવામાં આવશે. તેમણે કહ્યું કે આ દિલ્હી છે, સંભલ કે મેરઠ નહીં, અને જો મસ્જિદમાં જગ્યા ભરાઈ જશે, તો શેરીઓ, ઈદગાહ અને ઘરોની છત પર પણ નમાઝ અદા કરવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું કે વ્યવસ્થા કરવાની જવાબદારી પોલીસ પ્રશાસનની છે. તમને જણાવી દઈએ કે તાજેતરમાં યુપીના સંભલ અને મેરઠમાં, વહીવટીતંત્રે રમઝાનના છેલ્લા શુક્રવારે રસ્તા પર નમાઝ પઢવા પર પ્રતિબંધ મૂક્યો હતો.

શોએબ જામીએ ઠ પર કહ્યું, 'કેટલાક મોટા મોંવાળા ભાજપના નેતાઓ દિલ્હીમાં ઈદની નમાજ અંગે ખોટા નિવેદનો આપી રહ્યા છે. તેમણે સમજવું જોઈએ કે આ સંભલ કે મેરઠ નથી, આ દિલ્હી છે, હા, બધાની દિલ્હી છે. ઈદની નમાઝ અહીં અદા કરવામાં આવશે અને જો મસ્જિદમાં પૂરતી જગ્યા નહીં હોય, તો તે રસ્તા પર, ઈદગાહમાં અને ઘરોની છત પર અદા કરવામાં આવશે. કાવડ યાત્રા દરમિયાન, મુખ્ય રસ્તો કેટલાક કલાકો સુધી બંધ રહી શકે છે, જ્યારે નમાઝ દરમિયાન, તે ૧૫ મિનિટ માટે પણ બંધ રહી શકે છે. વ્યવસ્થા કરવાની જવાબદારી પોલીસ પ્રશાસનની છે.

દરમિયાન, સંભલના એએસપી શ્રીશ ચંદ્રાએ ગુરુવારે જણાવ્યું હતું કે પરંપરાગત રીતે નમાઝ પઢવા પર કોઈ પ્રતિબંધ



નથી, પરંતુ અકસ્માતો અટકાવવા માટે છત પર મોટી સંખ્યામાં ભેગા થવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જુમા-એ-વિદાની નમાજની તૈયારીઓ અંગે પત્રકારો સાથે વાત કરતા, એએસપીએ જણાવ્યું હતું કે લોકો શાંતિથી નમાજ અદા કરે તે માટે સેક્ટરો અને ઝોનમાં પૂરતો પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે બુધવારે શાંતિ સમિતિની બેઠકમાં કેટલાક લોકો દ્વારા છત પર નમાજ અદા કરવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો.

ચંદ્રાએ કહ્યું કે, તેવી જ રીતે, રસ્તા પર નમાજ પઢવાથી અકસ્માત થવાની સંભાવનાને કારણે, તેમને ત્યાં પણ નમાજ પઢવાની મનાઈ ફરમાવી દેવામાં આવી છે. એએસપીએ જણાવ્યું હતું કે, જે મસ્જિદો અને ઈદગાહોમાં નમાઝ પરંપરાગત રીતે અદા કરવામાં આવે છે ત્યાં સુરક્ષિત રીતે નમાઝ અદા થાય તેની ખાતરી કરવામાં આવી રહી છે. પોલીસ અધિક્ષક કૃષ્ણ કુમાર બિશ્નોઈએ જણાવ્યું હતું કે સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે કે નમાઝ ફક્ત નિયુક્ત ઈદગાહ અને મસ્જિદોમાં જ અદા કરવામાં આવે, રસ્તાઓ પર નહીં.

મહિસાગર – છોટાઉદેપુર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, છોટાઉદેપુર, પાવીજેતપુર, કવાંટ, નસવાડી, સંખેડા અને બોડેલી
પંચમહાલ સમાચાર

# રમઝાનની આખરી જુમ્માએ સંતરામપુર મુસ્લીમ સમાજ દ્વારા યુસીસી બીલના વિરોધમાં કાળીપટ્ટી બાંધી વિરોધ કર્યો



સંતરામપુર, ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ તરફથી સમગ્ર મુસ્લિમ સમુદાયને કાલે રમઝાનના આખરી જુમ્મામાં વકફ બીલનુ વિરોધ કરવા જમણા હાથે કાળી પટ્ટી બાંધવાનું એલાન થયું છે. ગુજરાત મુસ્લિમ હિત રક્ષક સમિતિ વકફ બીલની સાથે UCCના વિરોધ માટેણ ગુજરાતના મુસ્લિમ સમુદાયને કાળી પટ્ટી બાંધી ને વિરોધ કરવામાં આવેલો હતો. જુમાની નમાજ પછી મુસ્લિમ અગ્રણીઓએ કાળી પટ્ટી બાંધીને વિરોધ કર્યો હતો. સંતરામપુરની જુમ્મા મસ્જિદ કાદરી મસ્જિદ નૂરી મસ્જિદ મરકસ મસ્જિદ મદની મસ્જિદ તમામ મસ્જિદોમાં મુસ્લિમ અગ્રણીઓ દ્વારા મોન રાખીને કાળી પટ્ટી વિરોધ કર્યો હતો.

સંતરામપુર મુસ્લિમ સમાજ ના પ્રમુખ અને અગ્રણીઓ દ્વારા વકફ બોર્ડના યુસીસી વિરોધ જે કાયદો લાવેલા છે. તેનો સખત વિરોધ કરવામાં આવેલો હતો. સંતરામપુરની તમામ મસ્જિદોમાં નમાજ પછી કાળી પટ્ટી બાંધીને વિરોધ પ્રદર્શન કરવામાં આવેલું હતું. આ કાયદાનો સખત વિરોધ કર્યો હતો.

# બાલાસિનોર દેવ ચોકડીથી ૭૫૦ દુકાનોના વેરો નહિ ભરાતા સીલ કરાશે

બાલાસિનોર, બાલાસિનોર નગરથી મહિસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડાને જોડતા માર્ગ પર દેવ ચોકડી પર વર્ષ– ૨૦૧૦થી ૨૦૨૫ દરમિયાન સરકાર દ્વારા શોપિંગ સેન્ટર અને દુકાનો બનાવવા નિયમોનુ પાલન કર્યા વગર અંદાજે ૧,૦૦૦ દુકાનો તાણી બાંધવામાં આવી છે. જયારે દુકાનો બનાવી દીધા બાદ ગ્રામ પંચાયતમાં વેરો પણ ન ભરવામાં આવતા ૭૫૦થી વધુ દુકાનદારો અને અન્ય મિલ્કત કર્તાઓને ગ્રામ પંચાયત દ્વારા નોટિસ ફટકારી સીલ કરવા ચિમકી અપાઈ છે.

બાલાસિનોરના દેવ ચોકડી ખાતે છેલ્લા ૧૫ વર્ષમાં અંદાજે ૧,૦૦૦ દુકાનો બનાવી દેવામાં આવી છે. જેમાં મોટાભાગની દુકાનો રોડ માર્જીન છોડ્યા સિવાય બનાવી દેવાઈ છે ત્યારે અનેક શોપિંગ સેન્ટરો ખેતીલાયક જમીનોમાં બનાવાયા છે. ત્યારે નગર નિયોજન અને સિટી સર્વે જેવી કચેરીના નિયમોને ધોળીને પી ગયા હોય તેમ કોઈ એન્ટ્રીઓ કે નોંધો કરાવાઈ જ નથી. માત્ર ગ્રામ પંચાયત કચેરીએ નોંધ કરાઈ આકારણી બનાવીને લાખો રૂપિયામાં દુકાનો વેચવામાં આવી રહી છે. ત્યારે ગ્રામ પંચાયત કચેરીએ ૭૫૦ દુકાનદારો સહિત અન્ય મિલ્કત ધારકો વાર્ષિક વેરો સમયસર ન ભરવામાં આવતા ગ્રામ પંચાયતના તલાટી દ્વારા ૭૫૦ થી વધુ દુકાનો અને શોપિંગ સેન્ટરો અને મિલ્કત ધારકોને નોટિસ ફટકારવામાં આવી છે. જેમાં જણાવવામાં આવ્યુ છે કે, જો ૩૧ માર્ચ પહેલા વેરો ભરવામાં નહિ આવે તો આકારણી રદ્દ કરી દેવાશે તેમજ મિલ્કતને સીલ કરી દેવાશે. તેમજ દુકાનો અન્ય વ્યકિતઓને ભાડે પણ આપી નહિ શકે સાથે જુની આકારણી રદ્દ થયા બાદ નવી આકારણી સમયે ૫ વર્ષનો એડવાન્સ વેરો ભરવો પડશે સહિતના મુદ્દાસર નોટિસ ફટકારવામાં આવી છે. ત્યારે દેવ ગ્રામ પંચાયતમાં ૧૭.૫૦ લાખ વેરો વસુલા સામે તલાટી પી.જે.અમીન દ્વારા કડક અમલવારી હાથ ધરાઈ છે.

# બોડેલીના ઉંચા કલમ ગામમાં નિગમ દ્વારા પાણીનુ બિલ નહિ ભરાતા કનેકશન કપાયુ : ગ્રામજનો હેન્ડપંપ પરથી પાણી ભરવા મજબુર

બોડેલી, બોડેલી તાલુકાના ઉંચા કલમ ગામમાં નિગમ દ્વારા અપાતા પાણીનુ કનેકશન બિલ ન ભરવાને લીધે લાઈટ કનેકશન કપાઈ જવાથી છેલ્લા ૭ દિવસથી પાણી ન આવતા ગામના ૬૫ પરિવારના સભ્યો ખેતી અને ઘરકામ છોડીને અન્યત્ર પાણી ભરવા માટે મજબુર બન્યા છે.

સંખેડા તાલુકામાંથી બોડેલી તાલુકો અલગ થયા બાદ બે તાલુકાની હદમાં અટવાયેલા ઉંચા કલમ ગામ વિકાસને ઝંખી રહ્યુ છે. બોડેલી તાલુકામાં પણ પંચાયત સણોલીમાં લાગતુ હોય સંખેડામાં સણોલી પંચાયત ઉંચા કલમ દેખાતુ જ નથી. જેથી પાણી, વીજળી, રસ્તા જેવી પ્રાથમિક સુવિધા ગ્રામજનો ઝંખી રહ્યા છે. ઉંચા કલમ ગામમાં પાણીની વ્યવસ્થા માટેનુ વીજ કનેકશનનુ બિલ નિગમ દ્વારા નહિ ભરાતા વીજ કચેરીએ કનેકશન કાપી નાંખ્યુ છે. હવે ગ્રામજનો હેન્ડપંપથી પાણી ભરી લાવવા મજબુર બન્યા છે. છેલ્લા સપ્તાહથી પાણીની સમસ્યા છે છતાં તંત્ર દ્વારા સમસ્યાનો ઉકેલ કરવામાં આવ્યો નથી.

# લુણાવાડાના કિસન સાગર તળાવના બ્યુટિફિકેશનમાં અડચણરૂપ ૧૫ કાચા મકાનો અને ૯ કબરો દુર કરાઈ

લુણાવાડા, લુણાવાડા ખાતે ઐતિહાસિક કિસાર સાગર તળાવના બ્યુટિફિકેશનમાં અડચણ રૂપ ગેરકાયદે ૧૫ કાચા મકાનો અને ૯ કબરો પાલિકા દુર કરવામાં આવ્યા હતા. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે પાલિકાના ૧૦૦થી વધુ કર્મચારીઓ ૪ જેસીબી અને ૮ ટ્રેકટર સાથે દબાણ હટાવવાની કામગીરીમાં જોતરાયા હતા.

લુણાવાડામાં ૧૪૫ વર્ષ જુનુ ઐતિહાસિક કિસાર સાગર (વાસીયા)તળાવ આવેલુ છે. લુણાવાડા નગરમાં સુંદર હરવા ફરવાનુ સ્થળ બની રહે તે માટે આ ઐતિહાસિક કિસન સાગર તળાવના બ્યુટિફિકેશન માટે રાજય સરકારે અંદાજે રૂ.૮ કરોડની ફાળવણી કરી છે. પરંતુ તળાવની ફરતે વર્ષોથી વ્યાપક દબાણો કરી દેવાયા હતા. જેના કારણે બ્યુટિફિકેશનની કામગીરી શરૂ થઈ શકી ન હતી. પાલિકા તંત્ર દ્વારા આશરે બે થી ત્રણ માસ અગાઉ તળાવની માપણી પ્રક્રિયા હાથ ધરી હતી. જેમાં અંદાજે પાંચ એકરથી વધુનુ દબાણ જણાઈ આવ્યુ હતુ. ત્યારે લુણાવાડા નગરપાલિકા દ્વારા વાસીયા તળાવ વિસ્તારમાં ગેરકાયદે દબાણો દુર કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે નગરપાલિકાની દબાણ હટાવ ટીમે ગેરકાયદે બાંધકામ પર બુલડોઝર ફેરવ્યુ હતુ. વાસીયા તળાવ ફરતે નડતરરૂપ ૧૫ જેટલા કાચા મકાનો અને ૯ જેટલી કબરોનુ દબાણ દુર કરી ૯૦,૦૦૦ ચો.મી.જગ્યા પર થયેલ દબાણો પાડ્યા હતા.

# મહિસાગર આરોગ્ય વિભાગ માટે કલંક : પરિણીત તબીબનો સાથી મહિલા તબીબ સાથે કચેરીમાં અશ્લિલ ચેનચાળા કરતો વીડિયો વાયરલ

લુણાવાડા, મહિસાગર જિલ્લાના આરોગ્ય વિભાગને કલંક લગાડતી એક ઘટના સામે આવી હતી. જેમાં પરિણીત ડોકટર તેની સાથે મહિલા ડોકટર સાથે તાલુકા આરોગ્ય કેન્દ્રના કોન્ફરન્સ હોલમાં જ અશ્લિલ ચેનચાળા કરી રહ્યા હોવાનો વીડિયો વાયરલ થતાં ચર્ચાનો વિષય બન્યો છે.

કડાણા તાલુકાના પરિણીત તબીબ વિકૃત હરકતોના કારણે વિવાદમાં આવ્યો છે. જેની અનેક ફરિયાદો છે. જેમાં અન્ય મહિલા આરોગ્ય કર્મીઓને બિભત્સ મેસેજ કરવાની બાબતોની ફરિયાદમાં ઉચ્ચ અધિકારીઓ તપાસ કરી રહ્યા છે. તેવામાં આ તબીબનો સાથી મહિલા ડોકટર સાથે અશ્લિલ ચેનચાળા કરતા સીસીટીવી કુટેજનો વીડિયો આરોગ્ય કર્મીઓમાં ફરતો થતાં ચર્ચાનો વિષય બન્યો છે. કડાણા તાલુકામાં એમઓ તરીકે ફરજ બજાવે છે. હાલમાં જ તેની સાથી મહિલા કર્મીઓ દ્વારા તેની વિરુદ્ધ જાતીય શોષણ કર્યાનો આક્ષેપ કરતી ફરિયાદ કરવામાં આવેલ છે જેની તપાસ ચાલી રહી છે. ત્યારે આ તબીબ વિરુદ્ધ આરોગ્ય વિભાગ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરાય તેવી માંગ ઉઠી છે.

# બિનઅધિકૃત રીતે ખનીજ ખનન કરનાર સામે કડક પગલાં લેતા ભુસ્તરશાસ્ત્રી



છોટાઉદેપુર, છોટાઉદેપુર જીલ્લામાં સાદી રેતી, ડોલોમાઈટ, ગ્રેનાઈટના અભૂટ ભંડાર આવેલા છે. કલેક્ટર ગાર્ગી જૈનના માર્ગદર્શન હેઠળ જીલ્લાના ભુસ્તરશાસ્ત્રી શ્રી તનવીર સૈયદના નૈતૃત્વમા ક્ષેત્રિય તપાસ ટીમ દ્વારા છોટાઉદેપુર જીલ્લાના તાલુકાઓમાં બિનઅધિકૃત રીતે ખનીજના ખનન, વહન અને સંગ્રહ કરવામાં સંડોવાયેલ વાહનો પકડી સીઝ કરવાની કામગીરી કરવામાં આવી હતી.

ક્ષેત્રિય તપાસ ટીમ દ્વારા ફેબુઆરી અને માર્ચ મહિના દરમ્યાન સાદી રેતી, ડોલોમાઈટ, બ્લેકક ટ્રેપ અને ગ્રેનાઈટ જેવા ખનીજના બિનઅધિકૃત ખનન, વહન અને સંગ્રહ કરવા બદલ છોટાઉદેપુર જીલ્લાના બોડેલી તાલુકામાંથી કુલ ૪૧ વાહનો, જેતપુર પાવી તાલુકા માંથી ૩૨ વાહનો, છોટાઉદેપુર તાલુકામાંથી ૧૭ વાહનો, સંખેડા તાલુકા માંથી ૬ વાહનો, નસવાડી તાલુકામાંથી ૭ વાહનો જેમાં ૬ એસ્કેવેટર મશીન, ૧ લોડર મશીન, ૫૬ ટ્રકો તેમજ ૪૦ ટ્રેક્ટરો મળી કુલ ૧૦૩ વાહનો સીઝ કરવામાં આવ્યા હતા.આ તમામ વાહનોના માલિકોને નિયમોનુસાર નોટીસ પાઠવી બે મહિનામાં કુલ રૂ. ૯૮.૩૬ લાખની વસૂલાત કરવામાં આવી હતી.

# પંચમહાલ અને છોટાઉદેપુરમાં મહુડાના ફુલ આવવાના શરૂ થતાં આદિવાસીઓમાં આનંદ

જાંબુઘોડા, મહુડાના વૃક્ષનુ આદિવાસીઓનો કમાઉ દિકરો કહેવામાં આવે છે. મહુડાના ફુલ અને ડોળી મિકસ કરી ઔષધિમાં વપરાય છે. મહુડાના ફળ તરીકે જે ડોળી આવે છે. તેનુ તેલ કાઢવામાં આવે છે. અને આ તેલ ખાવામાં તેમજ સાબુ બનાવવામાં તથા સાંધાના દુઃખાવામાં પણ ઉપયોગમાં લેવાય છે.

ફાગણની શરૂઆત સાથે મહુડાના વૃક્ષ પર ફુલ આવે છે. અને તે ફુલ પરીપકવ થઈ ૧૫ થી ૨૦ દિવસમાં નીચે પડે છે. આ ફુલને પુર્વપટ્ટીના આહવાથી લઈ અંબાજી સહિત છોટાઉદેપુર, પાવીજેતપુર, કવાંટ, નસવાડી, બોડેલી, સંખેડા, જાંબુઘોડા, ઘોઘંબા, દે.બારીઆ, ધાનપુર, મહિસાગર, અરવલ્લી વગેરે જિલ્લાઓમાં વસવાટ કરતા આદિવાસીઓ એકત્ર કરી તેને સુકવીને વેચે છે. મહુડાના ફુલ અને ડોળીની ખરીદી ભુતકાળમાં વન વિકાસ નિગમ કરતુ હતુ. પરંતુ પાછલા બે–ત્રણ વર્ષથી છુટછાટ આપતા હવે નિગમ તેની ખરીદી કરતુ નથી. હાલ મહુડા ફુલનો ભાવ રૂ.૩૦૦૦ થી રૂ.૩૮૦૦ પ્રતિ ક્વિન્ટલ છે. ડોળીનો ભાવ રૂ.૨૨૦૦ થી ૨૫૦૦ હોય છે. એટલે કે મહુડા ૩૦ થી ૩૮ રૂપિયા કિલો જયારે ડોળી ૨૨ થી ૨૫ રૂપિયા પ્રતિ કિલો વેચાય છે.

# મહિસાગર આશરો ચેરીટેબલ ટ્રસ્ટ પાંડરવાડા દ્વારા “ ઠંડા પાણીની પરબ”નો શુભારંભ કર્યુ

લુણાવાડા, મહિસાગર પાંડરવાડામાં ગરમી ચાલુ થઈ ગઈ છે અને દિન પ્રતિદિન ગરમીમાં વધારો થતો જાય છે. માટે આ બાબતને ધ્યાનમાં રાખી શ્રી આશરો ચેરીટેબલ ટ્રસ્ટ પાંડરવાડામાં આજુબાજુના ગામડાના લોકો ખરીદીને ધ્યાનમાં રાખી ઠંડા મિનરલ પાણીની પરબ ચાલુ કરી દીધી છે.દરેકને કઈકને કઈક કામ માટે બહાર નીકળવું પડે છે. ખાસ કરીને મજૂર વર્ગ લારી રીક્ષા નોકરિયાત વર્ગ સ્કૂલ કોલેજના બાળકો બહાર ગામ થી ધંધાઅર્થે આવતા ફેરિયાઓ વગેરે જનતાને રાહત નીવડે તેવા ઉમદા હેતુ



થી આ સેવાકીય કાર્ય આશરો ચેરીટેબલ ટ્રસ્ટ ના મંત્રી હાર્દિક પંચાલ જેઓ કોઈ પણ કાર્યમાં કટોકટીની દરેક પર્થિતિમાં હાજર થઈ જાય છે. તેમના દ્વારા આ કાર્યની શરૂઆત કરવામાં આવી છે. સાથે સાથે પંખીઓ માટે ઠંડા પાણીના કુંડ પણ લગાવીશું, જેથી અબોલા પંખીઓને રાહત મળે.આ સેવાકીય કાર્યમાં ગામના અગ્રણી અરવિંદભાઈ પંડ્યા, ભાનુભાઈ શાસ્ત્રી, ક્રિષ્ના સાડી સેન્ટર, રામ ઈલેકટ્રોનિક, અશોકભાઈ પંડ્યા, દેવ નારાયણ કલોથ સ્ટોર, અર્પણ પંચાલ અશ્વિન પ્રજાપતિ દ્વારા રીબીન કાપી શ્રીફળ વધેરીને પાણીની પરબને ખુલ્લી મૂકી હતી.આવા ધાર્મિક કાર્યમાં આશરો ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ કૃણાલભાઈ ગાંધી, પૂજા નોવેન્ટી સ્ટોર, રાજેશભાઈ જોશી, પ્રીતમ દરજી તેમજ મંત્રી હાર્દિક પંચાલ ઉપસ્થિત રહ્યા હતા.ખરેખર ઉનાળાની આવી કપરી ગરમીમાં દરેકને પાણીની પ્યાસ બુઝાય તેમજ લોકોને સગવડ મળી રહે તેવા ઉત્તમ પ્રયાસનું આ કાર્ય ૧૦૮ ના હુલામણા નામ થી જાણતા એવા હાર્દિક પંચાલ કે જેઓને ૫૧ એવોર્ડ્સ મળ્યા છે. તેમના કાર્યને સાચે બિરદાવવા લાયક છે.

# ગોધરા-મેશરી નદી લક્ષ્મણપુરા પાસે નિઝામુદ્દીન ટ્રેનની અડફેટમાં ૬૦ વર્ષીય આશરાના વ્યકિતનું મોત

ગોધરા, ગોધરા તાલુકાના લક્ષ્મણપુરા ગામે મેશરી નદી પાસે રેલ્વે ટ્રેક ઉપર નિઝામુદ્દીન પૂણે દુરંતો એકસપ્રેસ ટ્રેનની અડફેટમાં ૬૦ વર્ષીય આશરાનો વ્યકિત આવી જતાં મરણ ગયેલ હોય આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના લક્ષ્મણપુરા ગામે મેશરી નદી પાસે રેલ્વે ટ્રેક ઉપર ૬૦ વર્ષીય આશરાનો કોઈ અજાણ્યો વ્યકિત પસાર થતો હોય અને રેલ્વે ટ્રેક ઉપરથી પસાર થતી નિઝામુદ્દીન પૂણે દુરંતો એકસપ્રેસ ટ્રેનની અડફેટમાંં આવી જતાં મરણ ગયેલ હોય આ બાબતે તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

# પાવાગઢ અટક દરવાજાના વળાંકમાં પેસેન્જર ભરેલ જીપ અને મુંબઈના યાત્રિકની કાર વચ્ચે અકસ્માત સર્જાતા પાંચને ઈજાઓ

પાવાગઢ, પાવાગઢ યાત્રાધામ મહાકાળી માતાજીના દર્શન કરવા માટે આવેલા મુંબઈના યાત્રાળુઓની કાર અટક દરવાજા પાસેના વળાંક પાસે ખાનગી જીપ સાથે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં જીપ ખાડામાં ઉતરી જતાં પાંચ મુસાફરોને ઈજાઓ પહોંચી હતી.

પાવાગઢ મહાકાળી માતાજીના દર્શન માટે મુંબઈ થી એકસયુવી કાર લઈને યાત્રિકો આવ્યા હતા. યાત્રાળુઓ કાર લઈને માંચી ડુંગર તરફ જઈ રહ્યા હતા. ત્યારે ડુંગર ઉપરથી પેસેન્જરો ભરેલ ખાનગી જીપ તળેટી તરફ આવી રહી હતી અને અટક દરવાજા પાસેના વળાંકમાં કાર અને જીપ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં જીપ ખાડામાં ઉતરી પડી હતી. જેને લઈ પાંચ મુસાફરોને ઈજાઓ પહોંચી હતી. ત્રણ ઈજાગ્રસ્તોને સ્થળ પર ૧૦૮માં સારવાર આપવામાં આવી હતી. જયારે ગંભીર ઈજાગ્રસ્ત થયેલ આણંદ જીલ્લા સીલી ગામની મીનાબેન વનરાજસિંહ ચૌહાણ અને તેમના પિતા નટવરસિંહ ભીમસિંહ ચૌહાણને સારવાર માટે હાલોલ સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં નટવરભાઈ ચૌહાણને માથામાં ગંભીર ઈજાઆ થતાં તેઓને વડોદરા ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતની ઘટનામાં સદ્દનસીબે જીપ ખીમાં પડવાને બદલે ખાડામાં અટકી જતાં મોટી જાનહાનિ ટળી હતી.

## ફરમાને નબુવ્વત ઔર સદકે કી હકીકત

સૈયદના અબુઝર ગીફારી રદીઅલ્લાહો અન્હો સે રીવાયત હય કિ હુઝુર રસુલે આઝમ સલ્લલ્લાહો અલય હે વસલ્લમને ઈર્શાદ ફરમાયા કિ અપને ભાઈ કે સામને મુસ્કુરાના ભી સદકા હય નેક બાત કા હુકમ કરનાભી સદકા હય બુરી બાત સે મના કરના ભી સદકા હય રાસ્તા મુલે હુએ કો રાસ્તા બતાના ભી સદકા હય કમજોર નિગાહ વાલે કી મદદ કરના ભી સદકા હય રાસ્તે સે પથ્થર કાંટા દુર કરના ભી સદકા હય ઔર અપને વર્તન મે સે અપને ભાઈ કે વર્તન મેં પાની ડાલ દેના ભી સદકા હય (તીરજાકી શરીફ) (હવાલા અજીમિ કલેન્ડર માર્ચ–૨૦૨૪)

ચાંદ કી દુઆ – માહે શાવાલ કા ચાંદ દેખકર સુરએલહબ પળ હે ઔર રંગીન કપળા દેખે તાકિ મા–બાપ કી અદા કરને કા ખવાબ પાસે)

તા.૨૯/૦૩/૨૦૨૫ શનિવાર
ખતમે શહેરી – ૫.૧૧
વકતે ઈફતાર – ૬.૫૪

નોંધ : આ ટાઈમ પંચમહાલ તથા દાહોદ જીલ્લા પુરતો છે.

રીપોર્ટર : મોહંમદ હુસેન મકરાણી દે.બારીઆ

## મે.મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ગોધરા(શહેર)ની કોર્ટમાં,મુ.ગોધરા

જન્મ–મરણ અરજી નંબરઃ ૧૪૫/૨૪.

અરજદારઃ– બામણીયા સંગીતાબેન પ્રમોદભાઈ રહેઃદયાળ,તાઃગોધરા જિઃપંચમહાલ

–ઃ વિરૂધ્ધ ઃ–

સામાવાળાઃ– જન્મ–મરણ રજિસ્ટ્રાર,ચીફ ઓફિસરશ્રી,નગરપાલિકા, ગોધરા.

–ઃઃ જાહેર નોટીસ ઃઃ–

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હીત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોક્ત વિષયનાં અરજદારશ્રી બામણીયા સંગીતાબેન પ્રમોદભાઈ, રહેઃદયાળ,તાઃગોધરાએ તેઓના પુત્રી નામે 'બામણીયા સોનલબેન પ્રમોદભાઈ'' નો જન્મ તાઃ૨૧/૦૭/૨૦૧૮ ના રોજ મોજે.ગોધરા, તા.ગોધરા, જિ.પંચમહાલ ખાતે થયેલ હતું. તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારએ તેઓના પુત્રી નામે ''બામણીયા સોનલબેન પ્રમોદભાઈ'' નો જન્મ તાઃ૨૧/૦૭/૨૦૧૮ ની જન્મની નોંધ સામાવાળા જન્મ–મરણ રજીસ્ટરે કરવાની રહી ગયેલ હોઈ, સામાવાળાને રજીસ્ટરે જન્મની નોંધણી કરાવવા સારૂ અત્રેની કચેરીમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો–તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ તા. ૧૯–/૦૪/૨૦૨૫ના રોજ સવારે ૧૨ઃ૦૦ કલાકે લેખિતમાં પોતાનાં વાંધા–તકરાર રજુ કરવા.જો તેમ કરવામાં કસુર કરશો તો આ કોર્ટ સદર અરજી અંગે કાયદેસરની આગળની કાર્યવાહી કરશે.જેની નોંધ લેશો.આજ તારીખઃ ૨૦/૦૩/૨૦૨૫નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

(એચ.વી. ભોઈ)
એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગોધરા(શહેર)

## મે.મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ગોધરા(શહેર)ની કોર્ટમાં,મુ.ગોધરા

જન્મ–મરણ અરજી નંબરઃ ૧૪૩/૨૪.

અરજદારઃ– નાયકા રંગીતભાઈ ચંદુભાઈ રહેઃદયાળ, તાઃગોધરા જિઃપંચમહાલ

–ઃ વિરૂધ્ધ ઃ–

સામાવાળાઃ– જન્મ–મરણ રજિસ્ટ્રાર, ચીફ ઓફિસરશ્રી,નગરપાલિકા, ગોધરા.

–ઃઃ જાહેર નોટીસ ઃઃ–

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હીત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોક્ત વિષયનાં અરજદારશ્રી નાયકા રંગીતભાઈ ચંદુભાઈ, રહેઃદયાળ,તાઃગોધરાએ તેઓના પુત્ર નામે ''નાયક રવિભાઈ રંગીતભાઈ'' નો જન્મ તાઃ૨૨/૦૭/૨૦૧૮ ના રોજ મોજે.ગોધરા, તા.ગોધરા,જિ.પંચમહાલ ખાતે થયેલ હતું. તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારએ તેઓના પુત્ર નામે ''નાયક રવિભાઈ રંગીતભાઈ'' નો જન્મ તાઃ૨૨/૦૭/૨૦૧૮ ની જન્મની નોંધ સામાવાળા જન્મ–મરણ રજીસ્ટરે કરવાની રહી ગયેલ હોઈ, સામાવાળાને રજીસ્ટરે જન્મની નોંધણી કરાવવા સારૂ અત્રેની કચેરીમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો–તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ તા. ૧૯/૦૪/૨૦૨૫ના રોજ સવારે ૧૨ઃ૦૦ કલાકે લેખિતમાં પોતાનાં વાંધા–તકરાર રજુ કરવા.જો તેમ કરવામાં કસુર કરશો તો આ કોર્ટ સદર અરજી અંગે કાયદેસરની આગળની કાર્યવાહી કરશે.જેની નોંધ લેશો.આજ તારીખ : ૨૦ /૦૩/૨૦૨૫નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

(એચ.વી. ભોઈ)
એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગોધરા(શહેર)

## આપની આજ.......

મેષઃ કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે.

વૃષભઃ આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે. વાણીની નરમાઈ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે.

મિથુનઃ આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો. પૈસાના વ્યવહારમાં સાવચેત રહો.

કર્કઃ અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે અને ભાઈઓના સહયોગથી લાભની સ્થિતિ ઉદ્ભવશે. રાજકીય સહયોગ મળશે અને અટકેલા સરકારી કામ પૂરા થશે.

સિંહઃ જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે. ધાર્મિક કાર્યમાં થોડો ખર્ચ થશે, પરંતુ તે તમારી ખ્યાતિમાં વધારો કરશે.

કન્યાઃ તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. સફળ વ્યાવસાયિક યોજનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારા બધા કાર્યોમાં મદદરૂપ થશે. પારિવારિક સમસ્યાઓનો અંત અને મહત્વપૂર્ણ કાર્યો સંપન્ન થતા તમારું વર્ચસ્વ વધશે.

તુલાઃ લવ મેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. માતાના સ્વાસ્થ્યની સંભાળ રાખો અને ડોકટરો પાસે તપાસ કરાવો. વિવાહિત જીવન સુખી રહેશે અને આર્થિક સ્થિતિ મજબૂત થવાના કારણે ભંડોળમાં વૃદ્ધિના સંકેત મળશે.

વૃશ્ચિકઃ વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. પ્રેમ જીવનમાં તમને ભેટ મળશે. જરૂરી કાર્યો પૂરા કરવા માટે અન્યનો સહકાર લેવામાં તમે સફળ થશો.

ધનઃવધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઈચ્છિત સહયોગ મળશે. જો તમે નોકરી કરો છો તો તમારા અધિકારો વધશે અને જવાબદારી વધશે. વિદ્યાર્થીઓને આર્થિક સંકટમાંથી રાહત મળશે.

મકરઃ તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. રોજગાર ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે. આકસ્મિક ધન લાભ થવાના યોગ બની રહ્યા છે.

કુંભઃ ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે. પિતાનું માર્ગદર્શન તમને મુશ્કેલ નિર્ણયો લેવામાં મદદ કરશે.

મીનઃ ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે. લવ લાઈફમાં વધારે અપેક્ષાઓ નિરાશા તરફ દોરી શકે છે. તમારા ભાઈની આર્થિક સ્થિતિ મજબૂત રહેવાથી તમે ખુશ થશો અને તમારો ભાર પણ ઓછો થશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# રેલ પ્રોજેક્ટમાં ધાર જીલ્લામાં ખડમોર અભયારણ્ય નડતા કામગીરી લંબાઈ




દાહોદ,

દાહોદ-ઈન્દોર રેલ્વે લાઈનનું એલાઈનમેન્ટ ફરી એક વખત બદલવામાં આવ્યું છે. અગાઉના એલાઈનમેન્ટમાં આ લાઈન ધાર જીલ્લાના ખડમોર સંરક્ષિત વિસ્તારમાંથી પસાર થવાની હતી. અહીં જમીન સંપાદનમાં આવતા અવરોધોને કારણે સપ્ટેમ્બર ૨૦૨૪માં નવા સર્વેક્ષણ માટે સર્વે સંપાદનમાં આવતા અવરોધોને કારણે, સપ્ટેમ્બર ૨૦૨૪માં નવા સર્વેક્ષણ માટે સર્વે શરૂ કરવામાં આવ્યો હતો. એલાઈમેન્ટ બદલાતા રેલવે વિભાગને આઠ કિમી વધારાની

**ચાર દાયકા થી ડચકા ખાતા રેલ પ્રોજેક્ટને પૂર્ણ કરવા પીએમ ગતિ શકિત પ્રોજેક્ટમાં સામેલ કરવા માંગ ઉઠી.**

૧૯૮૯ માં મંજુર થયેલો રેલ પ્રોજેક્ટ ચાર દાયકા થી ડચકા ખાઈ રહ્યો છે. ૨૦૦૮માં શિલાન્યાસ બાદ ૨૦૧૩માં આ પ્રોજેક્ટ પૂર્ણ કરવાની સમય મર્યાદા નક્કી કરવામાં આવી હતી. પરંતુ સમયાંતરે આ રેલ પ્રોજેક્ટમાં અડચણો આવતા હવે નવેસરથી ૨૦૨૮ સુધી આ રેલ પ્રોજેક્ટ પૂર્ણ કરવાની સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. અત્યારે જાબુવાનના રંગપુરા થી ધાર સુધી મોટાભાગના વિસ્તારોમાં જમીન સંપાદન બાકી છે. ત્યારે આ પ્રોજેક્ટને ઝડપથી પૂર્ણ કરવા પીએમ ગતિ શક્તિ પ્રોજેક્ટમાં સમાવેશ કરવા માટે માંગ ઉઠી છે કારણ કે પીએમ બધી શક્તિ પ્રોજેક્ટરમાં પીએમ ની સીધી દેખરેખ હેઠળ પ્રોજેક્ટ સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં આવે છે.

લાઈન પાથરવી પડશે. આ કામગીરીમાં વધારાના ૨૦૦ કરોડ રૂપિયા ખર્ચ થવાનો અંદાજ માંડવામાં આવી રહ્યો છે. નવી લાઈન ઝકનવાડા નજીકથી પસાર થશે. ખરમોર સંરક્ષિત વિસ્તારને કારણે બદલાયેલા એલાઈમેન્ટને કારણે દાહોદ-ઈન્દોર રેલ્વે લાઈન ધાર જીલ્લાના સરદારપુરના મૌલાના ગામ પછી મહીનદીને પાર કરશે. આ

**અગાઉ ખડમોર અભ્યારણથી ૨૭ મીટર દૂરથી ટ્રેન પસાર થવાની હતી.**

દાહોદ-ઈન્દૌર રેલવે લાઈન પહેલાં ખડમોર અભ્યારણથી ઈકો સેન્સેટિવ ઝોનથી ૨૭ મીટર દૂરથી પસાર થવાની હતી. અહીંથી ટ્રેન પસાર કરવા માટે પક્ષીઓને કોઈ ડિસ્ટ્રબન્સ ન થાય તે માટે ગ્રીન કોરીડોર અને સાઉન્ડપ્રુફ દિવાલ બનાવવાનું પણ નક્કી કરાયુ હતુ. જોકે, અંતે એલાઈમેન્ટ બદલી નાખવાનો આ અંતે એલાઈમેન્ટ બદલી નાખવાનો આદેશ ઉચ્ચ કક્ષાએથી આવ્યો હતો. જોકે હવે એલાઈમેન્ટ ચેન્જ થતા આ સેક્શન પૂર્ણ થવામાં વધુ સમય લાગશે. આ સાથે પેટલાદ ઉમરકોટ મોલાના પ્રતિ રાજાખીરા ગામના ખેડૂતોને નોટિસ પણ આપી દેવામાં આવી છે.

સાથે પેટલાવદ તાલુકાના ભેરૂપાડા, બકિયા, ભૂરીગાટી, નાડાટોડ, સેમલીચા, ટોડી અને ચંદ્રગઢ થઈને ઝાબુઆ તાલુકાના ગામડાઓ સુધી આવશે. ઝાબુઆ તાલુકાના ૧૪ ગામોમાં જમીન સંપાદનની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. જેનું કામ ચાલી રહ્યું છે. રેલ્વે લાઈનનું એલાઈનમેન્ટ અગાઉ પણ બદલાયું : નવા એલાઈમેન્ટમાં જમીન

**- દાહોદ-ઈન્દોર રેલ પરિયોજનામાં એલાઈનમેન્ટ બદલાતા ૨૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ વધવાના એંધાણ.**
**- નવા એલાઈમેન્ટ પ્રમાણે ૮ કિમી વધારાની લાઈન નાખવાનો અંદાજ : નવો ટ્રેક હવે ઝકનાવદા નજીકથી પસાર થશે.**
**- જમીન સંપાદનનું જાહેરનામુ બહાર પડાયુ : સપ્ટેમ્બર ૨૦૨૪માં એલાઈનમેન્ટ બદલવા સર્વે કરાયો હતો.**

સંપાદન માટે જાહેરનામુ બહાર પાડ્યું. આ પહેલાં, અમઝેરામાંથી લાઈન નાખવા માટે એલાઈમેન્ટ બદલવામાં આવ્યુ હતું. અહીં જમીન સંપાદનનું જાહેરનામું બહાર પાડવામાં આવતાં, આ વિસ્તારમાં કામ શરૂ થવાની શક્યતા વધી ગઈ છે. હાલમાં, ઝાબુઆ નજીકના રંગપુરાથી ધાર જીલ્લાની સરહદ સુધી કામ શરૂ થયું નથી. અહીં કેટલીક ટનલ અને મોટા પુલ બનાવવામાં આવનાર છે. જોકે નવા એલાઈમેન્ટ પ્રમાણે પેટલાવદના વાક્યમાં ૨૧ સર્વે નંબર, ચંદ્રગઢમાં ૮૦, ભૂરી ઘાટીમાં ૩૦, બેરોપાડામાં ૪૮, સે મળ્યા હિલકામાં ૬૦, નાડા તોડમાં ૨૭ તેમજ ટોડી ગામમાં ૪૫ સર્વે નંબરો જમીન સંપાદન માટે જાહેર કરવામાં આવ્યા છે.

## દે.બારીઆ, પીપલોદમાં શોપિંગ સેન્ટરોમાં ફાયર સેફ્ટીનો અભાવ

દે.બારીઆ,

દે.બારીઆ શહેર અને પીપલોદ બજારમાં ફાયર સેફ્ટીના સાધનોનો અભાવ જોવા મળી રહ્યો છે. દે.બારીઆ અને પીપલોદ બજારમાં કેટલાય શોપિંગ સેન્ટરના બાંધકામ સમયે કાયદેસરની મંજુરી સંબંધિત તંત્ર પાસેથી લેવામાં આવી નથી કે તેમાં ફાયર સેફ્ટી પણ નથી. દે.બારીઆ અને પીપલોદમાં બનેલા કેટલાક શોપિંગ સેન્ટરોમાં ફાયર સેફ્ટીના સાધનો હજુ પણ જોવા મળતા નથી.ખરીદી માટે ગામડાની જનતા અહિં આવતી હોય છે. આખો દિવસ બજારોમાં અને શોપિગ સેન્ટરોમાં ગ્રાહકોની ભીડ હોય છે. આવા સમયે કદાચ આગનો કોઈ બનાવ બને ત્યારે મોટી જાનહાનિ થવાની પુરેપુરી શકયતા રહેલી છે. શાળા, મહાશાળા અને કોલેજોમાં પણ ફાયર સેફ્ટીના સાધનો ફરજીયાત રાખવા સરકાર તરફથી સુચના અપાઈ છે. અને દરેક જગ્યાએ લગભગ ફાયર સેફ્ટીના સાધનો લગાડાયા પણ છે. પરંતુ કેટલીય બિલ્ડિંગોમાં લગાવેલા ફાયર સેફ્ટીના સાધનોની એક્સપાયરી ડેટ પુરી થઈ ગઈ છે. છતાં કોઈ દરકાર લેનાર નથી. ત્યારે તંત્ર દ્વારા દે.બારીઆ શહેર સહિત પીપલોદ બજારમાં ફાયર સેફ્ટીના સાધનો અને ફાયર એનઓસીની તપાસ કરી જરૂરી પગલા લેવામાં આવે તેવી માંગ કરાઈ છે.

## લીમખેડાના બારા ગામે મધ્યાહન ભોજન કેન્દ્રમાં હાજર થવા જતાં મહિલા સંચાલક પર હુમલો

લીમખેડા,

લીમખેડા તાલુકાના બારા ગામના મદયાહન ભોજન કેન્દ્ર નં.-૬૪ના નવા નિમાયેલા મહિલા સંચાલક પર પાંચ લોકોના ટોળાએ હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરાયો છે. આ હુમલામાં મહિલા સંચાલક અને તેમના પરિવારના સભ્યોને માર મારવામાં આવ્યો હતો. અને તેમને જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી હતી. આ મામલે પોલીસ મથકમાં અરજી આપતા તપાસ શરૂ કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર લીમખેડા તાલુકાના બારા ગામના મદયાહન ભોજન કેન્દ્રના અગાઉના સંચાલક જોરસીંગ નિનામાની નિવૃત્તિ બાદ આ જગ્યા ખાલી પડી હતી. પ્રિયંકાબેન ડાંગીની પ્રથમ નિમણુંક બાદ ફરિયાદીને અપીલ કરતા નવા સંચાલક તરીકે ભુરીબેન નિનામાની નિમણુંક થઈ હતી. કલેકટરના આદેશથી નિમણુંક પામેલા નવા સંચાલક ભુરીબેન નિનામા જયારે હાજર થવા ગયા ત્યારે સામા પક્ષના પાંચ લોકોએ તેમને હાજર થતાં અટકાવ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે, શાળા તેમની છે અને ભુરીબેન નિનામાએ માર માર્યો હતો. મહિલા સંચાલકના બચાવમાં આવેલા તેમના સસરા જોરસીંગ મોતીને પણ માર મારવામાં આવ્યો હતો. આ સાથે ભુરીબેન નિનામાને ધમકી આપી હતી કે, જો તેઓ ફરીથી શાળામાં આવશે તો તેમને જીવતા નહિ છોડવામાં આવે. આ ઘટના સમયે ભુરીબેન નિનામા તેમના સસરા જોરસીંગ, ચુનીયા હઠીલા અને રમેશ મોતી પણ હાજર હતા.ભયભત થયેલા ભુરીબેન નિનામાએ લીમખેડા પોલીસ સ્ટેશનમાં હુમલાખોરો વિરુદ્ધ અરજી આપી હતી.

## લર્નિંગ એજ્યુકેશનલ એક્સપોઝર વિઝીટ સંદર્ભે દાહોદ ઘટક -૩ આંગણવાડી કાર્યકર-તેડાગર બહેનોએ સુમુલ ડેરીના THR પ્લાન્ટની મુલાકાત લીધી




દાહોદ,

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ''કુપોષણ નિવારણ થકી સ્વસ્થ સમાજ'' અભિયાન દ્વારા મહિલા સશકિતકરણના નિર્માણ હેતુસર ગુજરાત રાજ્યના સહયોગથી સુમુલ ડેરી, સુરત દ્વારા આઈસીડીએસમાં લાભાર્થીને મળતા ટેક હોમ રાશન (બાળશકિત,પૂર્ણાશકિતઅને માતૃશક્તિ)નું ઉત્પાદન કરવામાં આવે છે અને તમામ આંગણવાડી કેન્દ્રોમાં વિના મુલ્યે વિતરણ કરવામાં આવે છે.

જીલ્લા પ્રોગ્રામ ઓફિસરના આયોજન અને માર્ગદર્શન હેઠળ જીલ્લાના તમામ આંગણવાડી કાર્યકર અને તેડાગરોને લર્નિંગ એજ્યુકેશનલ એક્સપોઝર વિઝીટ સંદર્ભે દાહોદ ઘટક -૩ આંગણવાડી કાર્યકર -તેડાગર સુમુલ ડેરીના THR પ્લાન્ટની મુલાકાત કરાવવામાં આવી હતી.

જે દરમિયાન ટેક હોમ રાશન (THR)ના ઉત્પાદનની તમામ પ્રક્રિયા બતાવવામાં આવી હતી. તેમાંથી લાભાર્થી સારા સ્વાસ્થ્ય માટે તમામ સુક્ષ્મ-પોષક તત્વ મળે છે તેની સમજ પણ આપવામાં આવી હતી.

## કલેક્ટર યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને જીલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો



દાહોદ,

લોકોના પ્રશ્નો, ફરિયાદો કે રજૂઆતો સ્થાનિક કક્ષાએ જ અસરકારક અને ન્યાયપૂર્ણ રીતે હલ રીતે થઈ શકે તે હેતુથી જીલ્લા સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવે છે. દાહોદ જીલ્લાનો માર્ચ માસનો સ્વાગત કાર્યક્રમ કલેક્ટર યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો.

જીલ્લા સ્વાગત કાર્યક્રમમાં અરજી કરનાર અરજદારોએ પોતાના પ્રશ્નો કલેક્ટર સમક્ષ રૂબરૂ રજુ કર્યા હતા. જીલ્લા સ્વાગત કાર્યક્રમમાં અરજદારો તરફથી કુલ ૨ અરજીઓ કરવામાં આવી હતી. જેમાંથી ૧ અરજી કે જે એસ.ટી. બસ ના રૂટ માટે આવેલ હતી એનું નિરાકરણ લાવવામાં આવ્યું હતું.

આ અરજી ઝાલોદ તાલુકાના સુથારવાસા ગામ માટે દાહોદથી ખોરવા ચાલતી તમામ એસ.ટી. બસોને સુથારવાસા (મોજાઈ) સુધી લંબાવવા માટે કરવામાં આવી હતી, જે અરજીને ધ્યાને લઈને કલેક્ટરએ સંબંધિત અધિકારીને સુચના આપીને લોકોને પડતી મુશ્કેલીને ગંભીરતાથી લઈને આ પ્રશ્નન જલ્દી ઉકેલ આવે એ માટે એસ.ટી. બસોને સુથારવાસા (મોજાઈ) સુધી લંબાવવા માટે સુચના આપવામાં આવી હતી.

આ સાથે અન્ય એક અરજી જમીન માપણી બાબત હતી, જેને પણ કલેક્ટરએ સંબંધિત અધિકારીને વહેલામાં વહેલી તકે જમીન માપણી કરવાનું આયોજના કરવા જણાવાયું હતું.

જીલ્લા સ્વાગત કાર્યક્રમ દરમ્યાન જીલ્લા વિકાસ અધિકારી સ્મિત લોઢા, નિવાસી અધિક કલેક્ટર જે.એમ.રાવલ, નગર પાલિકા ચીફ ઓફિસર યશપાલસિંહ વાઘેલા સહિત અન્ય સંબંધિત અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## "આવો સૌ સાથે મળીને ટીબીને ભગાવીએ", આપણે સૌ બનાવીએ ટીબી મુક્ત સમાજ, "ટીબી હારેગા દેશ જીતેગા"



ગરબાડા,

મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. ઉદય તિલાવત તથા જીલ્લા ક્ષય અધિકારી ડો.આર.ડી.પહાડીયાના માર્ગદર્શન હેઠળ તેમજ તાલુકા આરોગ્ય અધિકારી ડો.એ.આર.ડાભીના દિશા સૂચન હેઠળ રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત ૨૪ માર્ચ વિશ્વ ક્ષય દિવસના અનુસંધાને ગરબાડા તાલુકામાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ દરમ્યાન ગરબાડા ગ્રામ પંચાયતના સરપંચ અશોકભાઈ રાઠોડ અને પાંચવાડા ડ્વભ મેડિકલ ઓફિસર ડો. બક્ષિસ ડામોર તથા આર.બી.એસ.કે. ટીમના ડો. હરેશ પરમાર દ્વારા લીલી ઝંડી આપી રેલીને લીલી ઝંડી આપવામાં આવી હતી. જેમા તાલુકા ટી.બી. સુપરવાઈઝર, એમ.પી.એચ.ડબલ્યુ., એફ.એચ.ડબલ્યુ. તથા આશા બહેનો જોડાઈ હતી. આ નિમિતે ટીબી રોગને નાબુદ કરવા સાથે લોકોમાં જાગૃતિ આવે તે માટે સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. એ સાથે લોકોને પત્રિકા વિતરણ કરી ટીબી રોગ અંગે પ્રચાર - પ્રસાર કરવામાં આવ્યો હતો.

## દાહોદ પોલીસ અધિક્ષકની કચેરી નેત્રમ શાખાને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો

દાહોદ,

ગુજરાત સરકારના વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગતવર્ષ૨૦૨૪ના તૃતીય અને ચતુર્થ ત્રિમાસિક Reward and Recognition પ્રોગ્રામ હેઠળ દાહોદ પોલીસ અધિક્ષકની કચેરી નેત્રમશાખાએ વર્ષ ૨૦૨૪ના જુલાઈ થી સપ્ટેમ્બર તેમજ ઓક્ટોબર થી ડીસેમ્બર આમ ત્રિમાસીક સમયગાળા દરમ્યાન ગુજરાત રાજ્યમાં માર્ગ સુરક્ષા અને સલામતિની સારામાં સારી કામગીરી તેમજ નેત્રમ શાખા દ્વારા ગુમ/ખોવાયેલ વસ્તુઓ, ગુમ થયેલ બાળકો, ચોરી, ઘરફોડ ચોરી વગેરે કામગીરીમાં દાહોદ નેત્રમ શાખા સમગ્ર ગુજરાત રાજ્યમાં માહે જુલાઈ થી ડીસેમ્બર સુધીની કામગીરીમાં પ્રથમ નંબરે આવેલ જે અનુસંધાને નેત્રમ ઈન્ચાર્જ તેમજ સ્ટાફને મે.ડી.જી.પી. ગુજરાત રાજ્ય ગાંધીનગર નાઓના હસ્તે નેત્રમ ઈન્ચાર્જ પો.સ.ઈ આર.એમ.વસૈયા નાઓને તથા પો.કો કિરણભાઈ ભુરીયા નાઓને દાહોદ નેત્રમ શાખાનીસારામાં સારી કામગીરી બદલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

## વર્તમાન સમજી, ભવિષ્ય સુધારવા નશા મુક્ત જીવન જીવવાનો ધ્યેય રાખવો તોજ સારી જીંદગી જીવ્યા કહેવાય:ગોપાલભાઈ શર્મા



દાહોદ,

સરકારના ''નશા મુક્ત ભારત અભિયાન'' ને સાર્થક કરવા માટે મૂળ દાહોદ નિવાસી અને હાલ વડોદરા જઈને સ્થાયી થયેલા નિવૃત્તાચાર્ય ગોપાલભાઈ શર્મા દ્વારા દાહોદ જીલ્લાના વિવિધ તાલુકાઓમાં જઈને ત્યાંની શાળાઓ અને કોલેજોમાં વ્યસન મુક્ત થવા માટેના વિવિધ કાર્યક્રમો યોજીને વિદ્યાર્થીઓ વ્યસનથી થતા ગંભીર અને જીવલેણ પરિણામોને જાણે, સમજે અને વ્યસનથી દૂર રહે તે માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

ગોપાલભાઈ શર્માએ દાહોદમાં આવેલ નવનિર્માણ વ્યસન મુક્તિ કેન્દ્રની મુલાકાત પણ લીધી હતી. અહીં સારવાર લેતા વ્યસની વ્યક્તિઓની સાથે ખુબ જ પ્રેરક સંવાદ કર્યો હતો. પોતાના ધ્યેયને સમજી તેને અનુરૂપ જીવન જીવવા અંગે ખુબ જ સરળ ભાષામાં વાત કરતા તેમણે જણાવ્યું કે, વર્તમાનને સ્વીકારો અને ભવિષ્ય ઉજવળ બનાવવા માટે કઠોર પરિશ્રમ કરો તો જ આ નવનિર્માણ વ્યસન કેન્દ્ર ખાતે રહેવાનો ધ્યેય પ્રાપ્ત કરી શકાશે અને સરકારના '' નશા મુક્ત ભારત અભિયાન'' ને સાર્થક કરી શકાશે.

બાળપણથી જ જો વ્યસન મુક્ત રહેવાનો સંકલ્પ લેવામાં આવે તો આગળ જતાં સારા પરિણામો મેળવી શકાય છે એમ કહેતાં નિવૃત્તાચાર્ય શર્માએ જણાવ્યું હતું કે, કોઈપણ પ્રકારનો નશો કરવો એ પણ એક પ્રકારનો રોગ જ છે, જેનાથી દૂર રહીને સૌએ પોતાના આવનાર ભવિષ્યને સુનિશ્ચિત કરવો જોઈએ તેમ તેમણે સમજાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ગોપાલભાઈ શર્મા છેલ્લા કેટલાક સમયથી દાહોદ જીલ્લામાં વિવિધ શાળાઓ તેમજ કોલેજોમાં જઈને જેમ બને તેમ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ તેમજ અન્ય અભ્યાસુઓ વ્યસનથી દૂર રહીને પોતાનું કરિયર તરફ ધ્યાન આપીને પોતે તેમજ અન્યોને પણ વ્યસનથી થતા પરિણામો વિશે માહિતી આપીને વ્યસનથી દૂર રહે તે માટેના સતત પ્રયત્નો કરી રહ્યા છે.

## દાહોદ જીલ્લામાં બે અલગ-અલગ સ્થળોએ લગ્નની લાલચે બે સગીરાઓના અપહરણ

દાહોદ,

દાહોદ જીલ્લાનામાં બે અલગ અલગ સ્થળોએ લગ્નની લાલચે બે સગીરાઓને બે યુવકો દ્વારા અપરહણ કરી લઈ નાસી જતાં જેતે પોલીસ મથકે ફરિયાદ નોંધાંવવા પામી છે.

સગીરાના અપહરણનો પ્રથમ બનાવ ફતેપુરાના સરસવાપુર્વ ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૧મી માર્ચના રોજ ફતેપુરાના નિંદકાપુર્વ ગામે ચાંદલી ફળિયામાં રહેતો મહેશભાઈ બાબુભાઈ પારગીએ ફતેપુરા તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષિય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પતિન તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતાએ સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સગીરાના અપહરણનો બીજો બનાવ દાહોદ શહેરમાં બનવા પામ્યો હતો. જેમાં દાહોદ શહેરના સ્ટેશન રોડ ખાતે આવેલ વાંસફોડીયા સોસાયટી ખાતે રહેતી ગોરીબેન સલમાન પઠાણે દેવગઢ બારીઆ ખાતે રહેતો રાજુભાઈ મુકેશભાઈ વણકર સાથે દાહોદ શહેરમાં રહેતી એક લઘુમતિ કોમની ૧૭ વર્ષિય સગીરાનો સંપર્ક કરાવી સગીરાને રાજુભાઈ નોડે નહીં જાય તો રાજુ વણકર મરી જશે, તેમ ગોરીબેને સગીરાને દબાણ કરી સગીરાને રાજુભાઈ વણકર પતિન તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જઈ અંબાજી ખાતે લઈ ગયો હતો.આ સંબંધે સગીરાની માતા દ્વારા દાહોદ એ ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સંજેલી મુસ્લિમ સમાજ દ્વારા કાળી પટ્ટી ધારણ કરી વકફ બિલ UCC બીલનો વિરોધ પ્રગટ કર્યો



સંજેલી,

સંજેલી ખાતે મુસ્લિમ સમાજ દ્વારા કાળી પટ્ટી ધારણ કરી વકફ બિલના અને UCC બીલનો વિરોધ દાખલ કર્યો હતો. જેમા શાંતિપૂર્ણ માહોલમાં મુસ્લિમ સમાજ દ્વારા જમણા હાથે કાળી પટ્ટી બાંધી ધારણ ભરપૂર વિરોધ દાખલ કરી ગુજરાતમાં UCC બિલ લાગુ ન કરવામાં આવે તેમજ ભારતમાં વકફ બિલ લાગુ ન કરવામાં આવે તેવો એક સંદેશ આપ્યો હતો. આ બિલ લાગુ ના કરવામાં આવે તે માટે વિરોધ પદર્શન કરવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

## લીમખેડાના મંગલમહુડી ગામે ઈંગ્લીશ દારૂ ભરેલ ફોર વ્હીલને અકસ્માત નડતા બે વ્યકિતને ઈજાઓ



દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના મંગલમહુડી ગામે વિદેશી દારૂ ભરેલ ફોર વ્હીલર ગાડીની માર્ગ અકસ્માત નડતાં બે વ્યક્તિઓને ઈજાઓ થવા પામી છે ત્યારે આ મામલે વિદેશી દારૂની હેરાફેરીના મામલે પોલીસે તપાસ હાથ ધરી છે.લીમખેડાના મંગલમહુડી ગામે આજરોજ વહેલી સવારે એક વિદેશી દારૂ ભરેલ ફોર વ્હીલર ગાડી મંગલમહુડી ગામેથી હાઈવે રસ્તા પરથી પસાર થઈ રહ્યાં હતા. ત્યારે કોઈ અજાણ્યા ફોર વ્હીલર ગાડીની અડફેટે આ વિદેશી દારૂ ભરેલ ગાડીના ચાલકના કબજાની ફોર વ્હીલરનો અકસ્માત સર્જાતાં વિદેશી દારૂ ભરેલ ફોર વ્હીલર ગાડીમાંથી દારૂનો જથ્થો રસ્તા પર રેલાઈ ગયો હતો. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડચાં હતાં. આ અંગેની જાણ સ્થાનીક પોલીસને થતાં પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી ગયો હતો. આ માર્ગ અકસ્માતમાં ફોર વ્હીલર ગાડીના ચાલક સહિત બે વ્યકિતઓને શરીરે ઈજાઓ પહોંચતાં તેઓને નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં છે. ત્યારે આ વિદેશી દારૂની ફોર વ્હીલર ગાડીને માર્ગ અકસ્માત સર્જાતા સ્થાનીક પોલીસ દ્વારા આ વિદેશી દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને પહોંચાવામાં આવતો હતો ? તે દિશાઓમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તપાસો હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.184

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# શહેરાના ડુમેલાવ જંગલ માંથી કુંડલા ગામની પરણિતાના હત્યામાં ખુલાસો દિલીપ ભુવાએ હત્યા કરી

## - પરણિતા હત્યારા સાથે રહેવાની જીદ કરતાં હત્યા કરાઈ. - જંગલમાં બાધા પુરી કરવા બોલાવી હત્યા કરી.





શહેરા,

પંચમહાલના શહેરા તાલુકાના ડુમેલાવ ગામના જંગલ માંથી મંગળવારના રોજ ગોધરા તાલુકાના કુંડલા ગામની ૩૨વર્ષીય પરણિતાની લાશ મળી આવાના મામલે ભુવાનો કામ કરતી પ્રેમી એ હત્યા કરી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું. મૃતક રંજન અને ભુવા દિલીપને પ્રેમ સંબંધ હોવા સાથે મરણ જનાર હત્યારા સાથે રહેવાની જીદ કરતા મોત મળ્યું હતું. જોકે, મૃતક રંજનની લાશ પાસે શ્રીફળ સહિતની સામગ્રી મળી આવતા પોલીસે તાંત્રિક વિધિ કરી હોવાની આશંકાએ માતરીયા ગામના ભુવાની પૂછપરછ કરતા સમગ્ર હત્યાનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી હતી.

પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના ડુમેલાવ ગામના જંગલમાંથી મંગળવારના રોજ હત્યા કરેલી મહિલાની લાશ મળી આવી હતી. જોકે, આ લાશ બાજુમા આવેલા કુંડલા ગામની પરિણીતા રંજન કેવળ પટેલની હોવાની વિગતો મળી હતી. આ લાશની પાસે નાળિયેર મળી આવતા તાંત્રિક વિધી માટે હત્યા કરી હોવાની આંશકાઓ પણ વ્યકત કરવામા આવી હતી. આ મામલે જિલ્લા પોલીસ વડા હિમાંશુ સોલંકી અને નાયબ પોલીસ વડા એન.વી.પટેલ તેમજ પોલીસ ઈન્સ્પેક્ટર અંકુર ચૌધરી દ્વારા આ બનેલી હત્યાની ઘટનાને ગંભીરતાને લેવામાં આવીને આરોપીને પકડવા માટેના ચક્રોગતિમાન કર્યા હતા. સાથે જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચ, એસ.ઓ.જી. સહિતની અલગ અલગ ટીમો દ્વારા પણ હત્યાનો ભેદ ઉકેલવા માટે પ્રયત્નો કરવામાં આવ્યા હતા. જોકે, પોલીસ દ્વારા રંજનની લાશની પાસેથી શ્રીફળ સહિતની સામગ્રી મળી આવતા તાંત્રિક વિધિની આશંકાએ અમુક શંકમદો ની પૂછપરછ કરવામાં આવી હતી. જેમાં માતરીયા ગામના ભુવા તરીકે ઓળખાતો દિલીપ ગલા ડામોરની કડકાઈથી પૂછપરછ કરવામાં આવતા તેને હત્યા કરી હોવાનું કબુલ કરવા સાથે મૃતક રંજન પટેલના સાથે પ્રેમ સંબંધ હતા. જયારે મરણજનારને તેના પતિ કેવળ સાથે અણ બનાવ બનતા સાથે રહેવાની જીદ કરતા ભુવા દિલીપ એ દર વખતે જે જગ્યાએ મળતા હતા. એ જંગલમાં રાત્રે બાધા કરવાની હોવાનું કહીને રંજનને બોલાવી હતી. આરોપી દિલીપ એ રંજનના ગળામાં સાયકલ નો તુટેલ બ્રેકનો વાયર નો ગાળિયો



બનાવી નાખી ખેંચીને હત્યા કરી હતી. જો કે, હત્યા કર્યા બાદ મૃતક રંજનનો મોબાઈલ આરોપી દિલીપ એ પોતાની સાથે લઈ જઈને પાદરડી ગામના તળાવના કિનારે રોડ પરથી ફેંકી દઈને પોતે ઘરે જતો રહ્યો હતો. જોકે, પોલીસની મહેનત અને ટેકનિકલ થી તેમજ હુમન સોસથી તપાસ કરતા આ હત્યાનો ભેદ ઉકેલી કાઢવામાં સફળતા મળી હતી. આ બનેલી ઉપરોક્ત ઘટનાને જોતા પ્રેમ સંબંધ ના કારણે બે દીકરાઓએ પોતાની માતા જ્યારે એક પત્તિએ પોતાની પત્ની અને પિયર પક્ષના લોકોએ પોતાની દીકરી ગુમાવી હતી.

# ગોધરા પાલિકાની સામાન્ય સભામાં ૧૦૫ કરોડનુ બજેટ એક મિનીટમાં મંજુર થયુ

### શહેરને સ્વચ્છ રાખવા વોલેન્ટિયર બનાવાશે.

પાલિકાની સામાન્ય સભા પૂર્ણ થયા બાદ સામાજીક કાર્યકર તબિબ સુજાત વલી દ્વારા પાલિકા સભ્યોના સહયોગથી શહેરને સ્વચ્છ રાખવાનું બીડું ઉપાડ્યું છે. દરેક વોર્ડમાં સ્વચ્છતા વોલેન્ટીયર બનાવીને ગલીઓ અને સોસાયટીમાં કચરો ડોર ટુ ડોર વાહનમાં નાખે તેવા સૂચનો આપશે. સેનેટરી સુપરવાઈઝરને સાથે રાખીને શહેરને સ્વચ્છ બનાવવા પહેલ કરવાના સૂચન આપતા તમામ સભ્યોએ સાથ આપવાની હા ભરી હતી.

### વિવિધ એજન્સીઓને કામની સમય મર્યાદા વધારી આપી.

બોર્ડમાં ભુગર્ભ ગટર યોજના હેઠળ હાઉસ ૩૩૩૬ જોડાણની કામગીરીની સમય મર્યાદા ૬ માસથી વધારીને ૧૨ માસ કરાઈ, શહેરના વિવિધ ૧૮ વિસ્તારોમાં આરસીસી પાઈપ ડ્રેનેજ, ગટર તેમજ સી.સી રોડ બનાવવાની મુદતમાં વધારો કરાયો. વર્ષ ૨૦૨૩-૨૪ ની ગ્રાન્ટના કામો માટે એજન્સીને કામની સમય મર્યાદા તા.૩૧ માર્ચ ૨૦૨૫ સુધી વધારી છે. રસ્તાના કામો માટે એજન્સીને ૯ માસ વધારી આપ્યા છે. જંતુનાશક દવા, સફાઈના સાધનો વિગેરેની ખરીદી કરવા માટેની એજન્સીને જુના ભાવ મુજબ ૬ માસ વધારી આપ્યા છે

### રૂપિયો ક્યાં જશે ?

- વહીવટી ખર્ચ : ૫૯૬ લાખ
- પાણી પુરવઠા ખર્ચ : ૯૩૪ લાખ
- સ્ટ્રીટ લાઈટ- ઈલેક્ટ્રીક ખર્ચ : ૩૫૧ લાખ
- આરોગ્ય સેવા ખર્ચ : ૧૯૨૦ લાખ
- રસ્તા, બાંધકામ, બગીચા ખર્ચ: ૩૪૨૨
- ભુગર્ભ ગટર ખર્ચ : ૧૭૬ લાખ
- મેલેરીયા નિવારણ ખર્ચ : ૬૬ લાખ
- વાહન નિભાવણી ખર્ચ : ૧૫૨ લાખ
- ફાયર સેવા ખર્ચ : ૧૪૧ લાખ
- પેન્શન, નિવૃતી ખર્ચ : ૮૮૫ લાખ
- અન્ય ખર્ચ : ૩૭૦ લાખ

### પાલિકાના બજેટમાં આવક અને જાવકના આંકડા.

રૂપિયો ક્યાંથી આવશે ?
વેરાની આવક : ૨૧૬૦ લાખ
ખાસ વેરાની આવક : ૮૦ લાખ
વેરા સિવાયની આવક : ૨૨૪૬ લાખ
પરચુરણ આવક : ૨૨૩ લાખ
અનામત-દેવાની આવક : ૧૩૨ લાખ
મહેસુલી ગ્રાન્ટ : ૮૨૦ લાખ
કેપીટલ ગ્રાન્ટ : ૪૦૪૭ લાખ

ગોધરા,

ગોધરા નગરપાલિકાનુ રૂ.૧૦૫.૬૯ કરોડનુ બજેટ સામાન્ય સભામાં રજુ કરાયુ હતુ. કુલ આવક રૂ.૧૦૫.૭૦ કરોડની સામે રૂ.૧૦૫.૬૯ કરોડ ખર્ચ છે. આમ પાલિકાનુ રૂ.૧.૦૪ લાખનુ પુરાંતન વાળુ બજેટ રજુ કરતા સત્તા પક્ષના સભ્યો અને વિપક્ષના સભ્યોએ એક સુરે બજેટને મંજુર મંજુર કહેતા ફકત ૧ મિનીટમાં જ બજેટ પાસ થઈ ગયુ હતુ. સામાન્ય સભામાં ૩ મિનીટની ચર્ચા કરીને ૨૩ મુદ્દા મંજુર કરીને વન નેશન વન ઈલેકશનના પ્રસ્તાવને બહુમતીથી મંજુર કરવામાં આવી હતી.

ગોધરા પાલિકાની સામાન્ય સભામાં ૨૩ મુદ્દા ૩ મિનીટમાં મંજુર થયા હતા. જયારે પાલિકાનુ રૂ.૧.૦૪ લાખનુ પુરાંતવાળુ બજેટ ફકત ૧ મિનીટમાં રજુ કરી દેવામાં આવ્યુ હતુ. બજેટમાં શહેરના વિકાસ માટે, બાંધકામ, આરોગ્ય, તેમજ સાફસફાઈ માટે નાણાં ફાળવીને ખર્ચનો અંદાજ લગાવવામાં આવ્યો છે. પાલિકાની સામાન્ય સભામાં જન્મ-મરણના દાખલાની ફી વર્ષોથી રૂ.૧૦ લેવામાં આવે છે. તે વધારવાની બહાલી આપવામાં આવી છે. શ્રી વિશા નીમાં જૈન સમાજ દ્વારા વ્હોરવાડ પાસેના જૈન દેરાસર પાસે ચબુતરા બનાવશે. તે કામને મંજુર કર્યુ છે. સેનેટરી વિભાગના કાયમી કર્મચારીને સુપરવાઈઝર તરીકેના હુકમને બહાલી અપાઈ., જહુરપુરા શોપિંગ સેન્ટરની દુકાન નં.-૧૯, ૬૯, અને ૮૮નો કબ્જો આપવા બાબતે નિર્ણય લેવાયો. તેમજ સ્વરાજ ગ્રૃપ દ્વારા છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા મુકવા માટેની જગ્યાની માંગણી કરેલ છે. તેને બહાલી અપાઈ હતી. સામાન્ય સભામાં વિવિધ ૨૩ મુદ્દાને સર્વાનુમતે મંજુર કર્યા છે.

# ગોધરા ચેટીચંડ પર્વની શ્રદ્ધા અને ધાર્મિક કાર્યકમોથી ગોધરા સિંધી સમાજ ધ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવશે

ગોધરા,

ચેટીચાંદ ભગવાન ઝુલેલાલ ની જન્મ જયંતિ નવા વર્ષની ઉજવણી સાથે શ્રદ્ધા,એકતા અને કૃતજ્ઞતાનો તહેવાર છે.તે સિંધી સમુદાયને તેમના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને તેમના પૂર્વજોની અતૂટ શક્તિની યાદ અપાવે છે.તેમના જીવનમાં લાલસાંઈ એ અર્પણ કરેલ સમૃદ્ધિ અને ખુશીનું સ્વાગત કરે છે.

આ તહેવારનું નામ ચેતી ચાંદ રાખવામાં આવ્યું છે કારણ કે, તે ચેતી (ચૈત્ર) મહિનામાં નવા ચંદ્ર (ચાંદ) ના પ્રથમ દર્શનને દર્શાવે છે. આ તહેવાર સમૃદ્ધિ, નવી શરૂઆત અને પાણીના તત્વ પ્રત્યે કૃતજ્ઞતાનું પ્રતીક છે. જે જીવન માટે મહત્વપૂર્ણ છે.રવિવારે ગોધરાના જૂના બસ સ્ટેન્ડ રોડ ખાતે ઝુલેલાલ મંદિર ખાતે ધાર્મિક કાર્યકમો માં વહેલી સવારે મહાઆરતી, દવજારોહણ અને ભજન કિર્તનનું આયોજન કરવામાં આવેલ છે.ગોધરા શહેરના સમાજના લોકો ત્યાં આવીને પ્રથમ દર્શનનો લાભ લે છે.ત્યારબાદ બપોરે મહાપ્રસાદી લઈને સાંજે ભવ્ય શોભાયાત્રા નગરમાં ભ્રમણ કરી બહારપુરા સ્થિત મંદિર ખાતે આ યાત્રાનું મહાનુભવો દ્વારા ભવ્ય જાહેર સ્વાગત કરવામાં આવે છે. અંતે ઝુલેલાલ સાર્વજનિક ઘાટ રામ સાગર તળાવ ખાતે ઝુલેલાલ જ્યોતનુ વિસર્જન કરવામાં આવે છે. આ તહેવારમાં સમાજને સૌથી મોટુ ભૂમિદાન મળેલ છે. સિંધી સમાજ ગોધરાને સ્વ. રામચંદ્ર ચોઈથરામ બાલવાણીના બંને સુપુત્રો તેમના સ્વર્ગીય માતા પિતાના સ્મરણાર્થે અંદાજે પ્રથમ ૪૦ અને ત્યાર બાદ ૨૦ મળી કુલ ૬૦ ગુઠાં જેટલી જમીન ગોધરા સિંધી સમાજના ભવન નિર્માણ માટે ભેંટ સ્વરૂપે સમાજને અર્પણ કરેલ છે.આ પરિવારનું સમગ્ર સમાજ વતી પ્રમુખ મુરલીધર મુલચંદાનીએ આભાર વ્યક્ત કર્યો હતો.આ દિવસે સિંધી સમુદાયના લોકો તેમની સમૃદ્ધ સંસ્કૃતિનું પ્રદર્શન કરે છે. આ નાટક, નૃત્ય, સંગીત અને લોક પ્રતિભા જેવી અનેક પ્રવૃત્તિઓ દ્વારા કરવામાં આવે છે. લોકો તેમના પરિવાર અને મિત્રો સાથે આનંદ માણવા માટે ‘‘ચેતીચંદ જ્યોં લાખ લાખ વધૈયાં આઠવ‘‘ વાક્ય સાથે એકબીજાને મળે છે અને શુભેચ્છા પાઠવે છે. ઝુલેલાલ જયંતિ અથવા સિંધી નવું વર્ષ એકસાથે ઉત્સાહ, આનંદ અને ભવ્યતાનો એક ભવ્ય પ્રસંગ છે.

# પ્રિ વોકેશનલ એક્ટિવીટી અંતર્ગત ડી માર્ટ અને મહાલક્ષ્મી ચીકી ફેક્ટરી,ધોળાકુવા,ગોધરાની મુલાકાત



ગોધરા,

ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા અમલમાં મુકાયેલ નવતર અભિગમ ૧૦ બેગ લેસ ડે ઉજવણી અંતર્ગત પ્રિ વોકેશનલ એક્ટિવીટી માટે આજરોજ સિવિલ લાઈન્સ ગુજરાતી કન્યા શાળા ગોધરાની ધો.૬ થી ૮ની કન્યાઓને ડી માર્ટ અને મહાલક્ષ્મી ચીકી ફેક્ટરી, ધોળાકુવા, ગોધરાની મુલાકાત કરાવવામાં આવી.

શાળા માંથી ૧૧.૦૦ કલાકે ૫ વાહનો દ્વારા ડી માર્ટ, ગોધરા મુકામે પહોંચ્યા. ડી માર્ટમાં જઈને ઉત્પાદક પાસેથી સીધા ડી માર્ટના આઉટલેટ ઉપર વેચાતાં વિવિધ ઉત્પાદનો ગ્રાહકો બજાર કરતાં ઓછા ભાવે મેળવી શકે એ અંગે જાણકારી આપી. ઘરવપરાશ, ખાદ્યપદાર્થોની વસ્તુઓ, ફેશન, કપડાં, કપડાં ધોવાની વસ્તુઓ વગેરે એકજ છત નીચે મેળવવાના મોલ કલ્ચર અંગે આચાર્ય ભારતસિંહ સોલંકીએ જાણકારી આપી. ત્યારબાદ સાથે જોડાયેલ શિક્ષકોએ બાળકોને વિવિધ ઉત્પાદનોના ભાવ, ઉપયોગ વિગેરે અંગે સચોટ માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ બાળકોને નજીકમાં આવેલ મહાલક્ષ્મી ચીકી ફેક્ટરીની મુલાકાત લીધી હતી. બાળકોએ ચીકી બનાવવાની પ્રક્રિયાથી લઈ પેકિંગ સુધીની જાણકારી ફેક્ટરીની મુલાકાત દ્વારા લીધી હતી. માલિક ઠક્કર દ્વારા બાળકોને ચીકી વિતરણ કરી હતી. જે બદલ આચાર્યએ માલિકનો આભાર વ્યકત કર્યો હતો. મુલાકાત બાદ બાળકો પાંચ વાહનો મારફતે ૧.૩૦ કલાકે શાળામાં પરત ફર્યા હતા.

# હાલોલ ચંદ્રાપુરા જીઆઈડીસી પાંચ યુનિટ પ્લાસ્ટિક દાણાનુ ઉત્પાદન કરતી ઝડપાઈ : બે યુનિટમાંથી પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો ઝડપાયો

હાલોલ,

હાલોલની ચંદ્રપુરા ઔદ્યોગિક વિસ્તારમાં આવેલ પ્લાસ્ટિક કેરી બેગ બનાવતા સાત યુનિટોમાં હાલોલ નગરપાલિકાના મુખ્ય અધિકારી, ગુજરાત પોલ્યુશન બોર્ડના અધિકારી, હાલોલ પ્રાંત ઓફિસ કર્મચારીઓ સહિત પોલીસ ટીમ સાથે સંયુકત ઓપરેશન હાથ ધરી છાપો મારતા પાંચ યુનિટમાં પ્લાસ્ટિક દાણાનુ ઉત્પાદન થતુ હોવાનુ જણાયુ હતુ. જયારે અન્ય બે યુનિટમાંથી સાત ટન પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો મળી આવતા બંને યુનિટમાંથી ૩૮ ટન દાણાનો જથ્થો સહિત કુલ અંદાજિત ૩૦ લાખ રૂપિયાનો જથ્થો સીઝ કરી દેવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર હાલોલ નગરપાલિકાના મુખ્ય અધિકારી, ગુજરાત પોલ્યુશન બોર્ડના અધિકારી, હાલોલ પ્રાંત ઓફિસર કર્મચારીઓ તેમજ પોલીસ મળી સંયુકત રીતે હાલોલના ચંદ્રપુરા ઔદ્યોગિક વિસ્તારમાં આવેલ પ્લાસ્ટિક કેરી બેગ બનાવતા સાત યુનિટોમાં છાપો માર્યો હતો. જેમાંથી બે યુનિટમાંથી ટન પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો મળી આવતા સાત ટન પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો અને ૩૮ ટન દાણાનો જથ્થો સીછઝ કરી દેવામાં આવ્યો છે. જેની અંદાજિત કિ.રૂ.૩૦ લાખ થાય છે તેમ હાલોલ નગરપાલિકાના મુખ્ય અધિકારીએ જણાવ્યુ હતુ. જેને લઈ આ પ્રકારના વ્યવસાય સાથે સંકળાયેલા લોકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# હાલોલના શિવરાજપુર નજીક ભાટ ગામના જંગલમાં દવ લાગ્યો

હાલોલ,

હાલોલ તાલુકાના શિવરાજપુર ખાતે આવેલ જીએમડીસીના વિસ્તારમાં આવતા ભાટ ગામ ખાતેના જંગલ વિસ્તારની ટેકરીઓ પર અચાનક દવ(આગ)ફાટી નીકળ્યો હતો. જંગલ દવ ફાટી નીકળતા દવ ઉપર કાબુ મેળવવા માટે શિવરાજપુર રેન્જ વનવિભાગ તેમજ જીએમડીસીની ટીમ દ્વારા સંયુકત કામગીરી હાથ ધરતા પાંચ કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી શકાયો હતો.

શિવરાજપુર-જાંબુઘોડા માર્ગ પર ભાટ ગામ નજીક જે વિસ્તાર જીએમડીસીના તાબા હેઠળ આવતો હોય છે ત્યાં દુર્ગમ ટેકરીઓ પર સાંજના સમયે અચાનક દવ ફાટી નીકળ્યો હતો. જોકે ઉનાળામાં આ પ્રકારનો દવ લાગવાના બનાવો દુર્ગમ ટેકરીઓ તેમજ જંગલ વિસ્તારમાં બનતા હોય છે. જયારે બનાવની જાણ શિવરાજપુર રેન્જના વનવિભાગને થતાં તેઓએ તાત્કાલિક બનાવની જાણ શિવરાજપુર જીએમડીસી ખાતે કરવામાં આવી હતી. જયારે દુર્ગંધ ટેકરીઓ પર દવ ને કાબુમાં લેવા માટે જીએમડીસી તેમજ વનવિભાગ દ્વારા સંયુકત કામગીરી હાથ ધરી હાથ વગા સાધનો તેમજ લીલા પાનાઓથી પાંચ કલાકની ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

# શહેરા પોલીસ સ્ટેશન ખાતે આવનાર ચૈત્રી નવરાત્રી અને રમજાન ઈદને લઈને શાંતિ સમિતિની બેઠક યોજાઈ



શહેરા,

શહેરા પોલીસ સ્ટેશન ખાતે તહેવારોને અનુલક્ષીને શાંતિ સમિતિની બેઠક મળી હતી. જેમાં ઉપસ્થિત શાંતિ સમિતિના સભ્યોને ચૈત્રી નવરાત્રી અને રમજાન ઈદ સહિતના તહેવારોની ઉજવણી ઉંમગભેર કરવામાં આવે, પરંતુ કાયદો અને વ્યવસ્થાનું પાલન કરી શાંતિપૂર્ણ રીતે થાય તે માટે પોલીસે સૂચન કર્યું હતું. આ શાંતિ સમિતિની મળેલી બેઠકમાં હિન્દુ અને મુસ્લિમ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

**મે.મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ગોધરા(શહેર)ની કોર્ટમાં,મુ.ગોધરા**

જન્મ-મરણ અરજી નંબરઃ ૧૪૬/૨૪
અરજદારઃ- બામણીયા સંગીતાબેન પ્રમોદભાઈ રહેઃદયાળ,તાઃગોધરા જિઃપંચમહાલ

-ઃ વિરૂધ્ધ ઃ-

સામાવાળાઃ-જન્મ-મરણ રજિસ્ટ્રાર,ચીફ ઓફિસરશ્રી,નગરપાલિકા, ગોધરા.

-ઃઃ જાહેર નોટીસ ઃઃ-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હીત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોક્ત વિષયનાં અરજદારશ્રી બામણીયા સંગીતાબેન પ્રમોદભાઈ, રહેઃદયાળ,તાઃગોધરાએ તેઓના પુત્રી નામે ‘‘બામણીયા ઓમીબેન પ્રમોદભાઈ‘‘ નો જન્મ તાઃ૧૪/૧૧/૨૦૧૯ ના રોજ મોજે.ગોધરા, તા.ગોધરા,જિ.પંચમહાલ ખાતે થયેલ હતું. તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારએ તેઓના પુત્રી નામે ‘‘બામણીયા ઓમીબેન પ્રમોદભાઈ‘‘ નો જન્મ તાઃ૧૪/૧૧/૨૦૧૯ ની જન્મની નોંધ સામાવાળા જન્મ-મરણ રજીસ્ટરે કરવાની રહી ગયેલ હોઈ, સામાવાળાને રજીસ્ટરે જન્મની નોંધણી કરાવવા સારૂ અત્રેની કચેરીમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો-તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ તા. ૧૯/૦૪/૨૦૨૫ના રોજ સવારે ૧૨ઃ૦૦ કલાકે લેખિતમાં પોતાનાં વાંધા-તકરાર રજુ કરવા.જો તેમ કરવામાં કસુર કરશો તો આ કોર્ટ સદર અરજી અંગે કાયદેસરની આગળની કાર્યવાહી કરશે.જેની નોંધ લેશો.આજ તારીખઃ ૨૦ /૦૩/૨૦૨૫નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

(એચ.વી. ભોઈ)
એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગોધરા(શહેર)

---

**મે.મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ગોધરા(શહેર)ની કોર્ટમાં,મુ.ગોધરા**

જન્મ-મરણ અરજી નંબરઃ ૧૪૭/૨૪.
અરજદારઃ-ડાર્મોર પર્વતભાઈ ગુરજીભાઈ રહેઃદયાળ, તાઃગોધરા. જિઃપંચમહાલ

- વિરૂધ્ધ ઃ-

સામાવાળાઃ- જન્મ-મરણ રજિસ્ટ્રાર, ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા, ગોધરા.

-ઃઃ જાહેર નોટીસ ઃઃ-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હીત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોક્ત વિષયનાં અરજદારશ્રી ડામોર પર્વતભાઈ ગુરજીભાઈ,રહેઃદયાળ,તાઃગોધરાએ તેઓના પુત્રી નામે ‘‘ડામોર રોશનીબેન પર્વતભાઈ‘‘ નો જન્મ તાઃ૦૯/૦૭/૨૦૨૦ ના રોજ મોજે.ગોધરા, તા.ગોધરા, જિ.પંચમહાલ ખાતે થયેલ હતું. તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારએ તેઓના પુત્રી નામે ‘‘ડામોર રોશનીબેન પર્વતભાઈ‘‘ નો જન્મ તાઃ૦૯/૦૭/૨૦૨૦ ની જન્મની નોંધ સામાવાળા જન્મ-મરણ રજીસ્ટરે કરવાની રહી ગયેલ હોઈ, સામાવાળાને રજીસ્ટરે જન્મની નોંધણી કરાવવા સારૂ અત્રેની કચેરીમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો-તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ તા. ૧૯/૦૪/૨૦૨૫ના રોજ સવારે ૧૨ઃ૦૦ કલાકે લેખિતમાં પોતાનાં વાંધા-તકરાર રજુ કરવા.જો તેમ કરવામાં કસુર કરશો તો આ કોર્ટ સદર અરજી અંગે કાયદેસરની આગળની કાર્યવાહી કરશે.જેની નોંધ લેશો.આજ તારીખઃ ૨૦ /૦૩/૨૦૨૫નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

(એચ.વી. ભોઈ)
એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગોધરા(શહેર)

---

**મે.મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ગોધરા(શહેર)ની કોર્ટમાં,મુ.ગોધરા**

જન્મ-મરણ અરજી નંબરઃ ૧૪૪/૨૪.
અરજદારઃ- ડામોર ઉર્મિલાબેન મનુભાઈ રહેઃદયાળ ,તાઃગોધરા, જિ.પંચમહાલ

- વિરૂધ્ધ ઃ-

સામાવાળાઃ-જન્મ-મરણ રજિસ્ટ્રાર,ચીફ ઓફિસરશ્રી,નગરપાલિકા, ગોધરા.

-ઃઃ જાહેર નોટીસ ઃઃ-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હીત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોક્ત વિષયનાં અરજદારશ્રી ડામોર ઉર્મિલાબેન મનુભાઈ, રહેઃદયાળ,તાઃગોધરાએ તેઓના પુત્રી નામે ‘‘ડામોર સુમનબેન મનુભાઈ નો જન્મ તાઃ૧૦/૦૯/૨૦૧૮ ના રોજ મોજે.ગોધરા, તા.ગોધરા,જિ.પંચમહાલ ખાતે થયેલ હતું. તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારએ તેઓના પુત્રી નામે ‘‘ડામોર સુમનબેન મનુભાઈ’ નો જન્મ તાઃ૧૦/૦૯/૨૦૧૮ ની જન્મની નોંધ સામાવાળા જન્મ-મરણ રજીસ્ટરે કરવાની રહી ગયેલ હોઈ, સામાવાળાને રજીસ્ટરે જન્મની નોંધણી કરાવવા સારૂ અત્રેની કચેરીમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો-તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ તા.૧૯/૦૪/૨૦૨૫ના રોજ સવારે ૧૨ઃ૦૦ કલાકે લેખિતમાં પોતાનાં વાંધા-તકરાર રજુ કરવા.જો તેમ કરવામાં કસુર કરશો તો આ કોર્ટ સદર અરજી અંગે કાયદેસરની આગળની કાર્યવાહી કરશે.જેની નોંધ લેશો.આજ તારીખ : ૨૦ /૦૩/૨૦૨૫નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

(એચ.વી. ભોઈ)
એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગોધરા(શહેર)

---

**મે.મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ગોધરા(શહેર)ની કોર્ટમાં,મુ.ગોધરા**

જન્મ-મરણ અરજી નંબરઃ ૧૪૮/૨૪.
અરજદારઃ- ડામોર ઉર્મિલાબેન મનુભાઈ રહેઃદયાળ, તાઃગોધરા, જિ.પંચમહાલ

ઃઃ વિરૂધ્ધ ઃ-

સામાવાળાઃ- જન્મ-મરણ રજિસ્ટ્રાર,ચીફ ઓફિસરશ્રી,નગરપાલિકા, ગોધરા.

-ઃઃ જાહેર નોટીસ ઃઃ-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હીત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોક્ત વિષયનાં અરજદારશ્રી ડામોર ઉર્મિલાબેન મનુભાઈ, રહેઃદયાળ,તાઃગોધરાએ તેઓના પુત્રી નામે ‘‘ડામોર બંસરીબેન મનુભાઈ‘‘ નો જન્મ તાઃ૦૩/૦૮/૨૦૧૭ ના રોજ મોજે.ગોધરા, તા.ગોધરા,જિ.પંચમહાલ ખાતે થયેલ હતું. તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારએ તેઓના પુત્રી નામે ‘‘ડામોર બંસરીબેન મનુભાઈ‘‘ નો જન્મ તાઃ૦૩/૦૮/૨૦૧૭ ની જન્મની નોંધ સામાવાળા જન્મ-મરણ રજીસ્ટરે કરવાની રહી ગયેલ હોઈ, સામાવાળાને રજીસ્ટરે જન્મની નોંધણી કરાવવા સારૂ અત્રેની કચેરીમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો-તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ તા. ૧/૦૪/૨૦૨૫ના રોજ સવારે ૧૨ઃ૦૦ કલાકે લેખિતમાં પોતાનાં વાંધા-તકરાર રજુ કરવા.જો તેમ કરવામાં કસુર કરશો તો આ કોર્ટ સદર અરજી અંગે કાયદેસરની આગળની કાર્યવાહી કરશે.જેની નોંધ લેશો.આજ તારીખ : ૨૦ /૦૩/૨૦૨૫નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

(એચ.વી. ભોઈ)
એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગોધરા(શહેર)